RNI NO GUJGUJ2003/09673

LEELA NEWS NETWORK P. LTD

અસ્સલ કાઠિયાવાડી મિજાજ

# સૌરાષ્ટ્ર આજતક

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    પ્રમુખસ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ, ફોન : ૯૮૭૯૫૬૯૪૦૦, ફોન : ૮૭૫૮૭૫૫૫૨૨

● સંવત ૨૦૮૨ પોષ વદ -અમાસ    રવિવાર, તા.૧૮-૦૧-૨૦૨૬    અંક : ૧૩૬    વર્ષ : ૨૩    e-mail : sauaajtak@gmail.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

# કાશીને બદનામ કરવા તૂટેલી મૂર્તિઓ લાવીને ભ્રમ ફેલાવાયો : સીએમ યોગી

## મણિકર્ણિકા ઘાટ વિવાદઃ ધામના નિર્માણ માટે કોઈ મંદિર તોડવામાં આવ્યું નથી, ભગવાન કાશી વિશ્વનાથની પૂજા-અર્ચના કરી બાદ કાળ ભૈરવ મંદિર પહોંચીને યોગીએ કરી આરાધના





કાશી,

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મણિકર્ણિકા ઘાટ વિવાદ મુદ્દે મહત્ત્વનું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, કાશીને બદનામ કરવા માટે તૂટેલી મૂર્તિઓ લાવીને ભ્રમ ફેલાવાયો છે. આ પહેલા વારાણસીના મુલાકાતે પહોંચેલા યોગીએ વિશ્વ પ્રસિદ્ધ કાશી વિશ્વનાથ ધામ પહોંચીને ભગવાન કાશી વિશ્વનાથની પૂજા-અર્ચના કરી હતી. ત્યારબાદ તેઓ કાળ ભૈરવ મંદિર પહોંચીને આરાધના કરી હતી.

કાશી વિશ્વનાથ ધામ અને મણિકર્ણિકા ઘાટ વિવાદ પર પ્રતિક્રિયા આપતા મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે વિપક્ષ અને વિરોધીઓ પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, ‘કેટલાક તત્વો કાશીના ભવ્ય વારસાને બદનામ કરવા અને તેનું અપમાન કરવા માટે સતત નકારાત્મકતા ફેલાવી રહ્યા છે. જ્યારે કાશી વિશ્વનાથ ધામનું નિર્માણ થઈ રહ્યું હતું, ત્યારે પણ તૂટેલી મૂર્તિઓના આધારે ભ્રમ પેદા કરવાનું ષડયંત્ર રચાયું હતું. ધામના નિર્માણ માટે કોઈ મંદિર તોડવામાં આવ્યું નથી, પરંતુ જર્જરિત મંદિરોને નવજીવન આપીને તેનું મૂળ સ્વરૂપ જાળવી રાખવામાં આવ્યું છે. આજે આ શિવ મંદિરો કાશીની શાન વધારી રહ્યા છે અને બદનામ કરનારાઓના તમામ દાવાઓ પાયાવિહોણા સાબિત થયા છે.’યોગી આદિત્યનાથે કહ્યું કે, ‘વડાપ્રધાન નરેન્દ્ર મોદી કાશીનું પ્રતનિધિત્વ કરે છે, જેના કારણે છેલ્લા ૧૧ વર્ષમાં કાશીનો વિકાસ થયો છે.

## બીજાપુરમાં નક્સલવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે થયેલી અથડામણમાં બે નક્સલીઓ માર્યા ગયા

બીજાપુર,

બીજાપુર જિલ્લાના રાષ્ટ્રીય ઉદ્યાન વિસ્તારમાં એક મોટી અથડામણ ચાલી રહી છે. આ અથડામણમાં બે નક્સલીઓ માર્યા ગયા હોવાના અહેવાલ છે અને ઘટનાસ્થળેથી સ્વચાલિત હથિયારો મળી આવ્યા છે. જોકે, આ અહેવાલ લખતી વખતે, ઘટનાની સત્તાવાર પુષ્ટિ થઈ ન હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, જિલ્લાના રાષ્ટ્રીય ઉદ્યાનના ગાઢ જંગલોમાં આજે સવારથી સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ ચાલુ છે. આ વિસ્તારમાં નક્સલવાદીઓની હાજરીની માહિતી મળ્યા બાદ આ કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. સંયુક્ત સુરક્ષા ટીમે સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. આ દરમિયાન, સૈનિકો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી. આ અથડામણમાં બે નક્સલવાદીઓ માર્યા ગયા હોવાના અહેવાલ છે. ઘટનાસ્થળ પરથી બે AK-47 રાઈફલ મળી આવી છે. આ દરમિયાન, એવું કહેવામાં આવી રહ્યું છે કે જે વિસ્તારમાં આ અથડામણ થઈ રહી છે ત્યાં કેટલાક વરિષ્ઠ નક્સલવાદી નેતાઓ હાજર છે.

## OpenAI અને માઈક્રોસોફ્ટ પર મસ્કનો કેસ, ૧૧.૬૫ લાખ કરોડ રૂપિયા માંગ્યા!

### મસ્કે ૫૦૦ અબજ ડોલર મૂલ્યાંકનની માંગ કરી, મસ્કના વકીલોએ કોર્ટમાં અરજી દાખલ કરી

ન્યૂયોક,

ટેસ્લા અને સ્પેસએક્સના સીઈઓ ઈલોન મસ્કે OpenAI અને માઈક્રોસોફ્ટ વિરુદ્ધ કાયદાકીય કેસ કરતાં ટેક જગતમાં હડકંપ મચ્યો છે. મીડિયા રિપોર્ટ મુજબ મસ્કે બંને કંપનીઓ વિરુદ્ધ ૭૯ અબજ ડૉલર (લગભગ ૬.૫ લાખ કરોડ રૂપિયા)થી લઈને ૧૩૪ અબજ ડૉલર (લગભગ ૧૧ લાખ કરોડ રૂપિયા) સુધીના વળતરની માંગ કરી છે. મસ્કે આક્ષેપ કર્યો છે કે, ચેટજીટીપી બનાવનારી કંપની ઓપનએઆઈએ બિન-લાભકારી ઉદ્દેશ્યો છોડીને માઈક્રોસોફ્ટ સાથે ભાગીદારી કરીને તેમની સાથે છેતરપિંડી કરી છે. રિપોર્ટ મુજબ, મસ્કના વકીલોએ શુક્રવારે કોર્ટમાં અરજી દાખલ કરી છે, જેમાં વળતરનો ઉલ્લેખ કરાયો છે. મસ્કે આ પગલું ત્યારે ભર્યું છે, જ્યારે એક સંઘીય ન્યાયાધીશે ઓપનએઆઈ અને માઈક્રોસોફ્ટની તે અપીલને રદ કરી હતી, જેમાં બંને કંપનીઓએ એપ્રિલના અંત સુધીમાં થનારી સુનાવણી અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. અરજીમાં કહેવાયું છે કે, મસ્ક ઓપનએઆઈના વર્તમાન ૫૦૦ અબજ ડૉલર મૂલ્યાંકનના એક ભાગના હકદાર છે. મસ્કનું કહેવું છે કે, ૨૦૧૫માં કંપનીની સહ-સ્થાપના કર્યા બાદ તેમણે ૩૮ મિલિયન ડૉલરનું રોકાણ કર્યું હતું, તે આધારે તેમને આટલી રકમ મળવી જોઈએ. મસ્કના વકીલ સ્ટીવલ મોલોએ ફાયલિંગમાં કહ્યું છે કે, ‘જે રીતે એક સ્ટાર્ટઅપમાં શરૂઆતના રોકાણથી પોતાના મૂળ રોકાણથી અનેક ઘણો લાભ થાય છે.

, તે જ રીતે ઓપનએઆઈ અને માઈક્રોસોફ્ટ જે ગેરકાયદે રીતે લાભ મેળવ્યો છે અને જેને હવે મિસ્ટર મસ્ક પરત મેળવવા હકદાર છે.’OpenAIએ મસ્કના દાવા પર પ્રતિક્રિયા આપતા નિવેદન જાહેર કર્યું છે. કંપનીએ કહ્યું છે કે, ‘મિસ્ટર મસ્કનો કેસ પાયાવિહોણો છે.

## ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન પર હુમલો કરવાનું અચાનક માંડી વાળ્યું?

### ટ્રમ્પે ફાંસી ટાળવાના આશ્વાસન પર હુમલો રોકીને કદાચ એક બહાનું જ બનાવ્યું, અસલી કારણ ઈરાની મિસાઈલ પાવરનો ડર હોઈ શકે



વોશિંગટન,

ડોનાલ્ડ ટ્રમ્પે બે દિવસ પહેલા સોશિયલ મીડિયા પર એક પોસ્ટ કરી હતી. આ પોસ્ટમાં ઈરાનના પ્રદર્શનકારીઓને સંબોધિત કરતા ટ્રમ્પે લખ્યું હતું કે, "તમે આગળ વધો, મદદ ટૂંક જ સમયમાં પહોંચી રહી છે." આ પોસ્ટ બાદ ટ્રમ્પે નિવેદન આપ્યું હતું કે, "જો ઈરાને કોઈ પણ પ્રદર્શનકારીની હત્યા કરી અથવા તેને ફાંસી આપી, તો અમેરિકા હુમલો કરશે." ટ્રમ્પના આ નિવેદનની ઈરાન પર કેટલી અસર થઈ તે સમજવું ખૂબ જ રસપ્રદ છે.

ટ્રમ્પના નિવેદન બાદ ખામેનેઈ સરકારે પ્રદર્શનકારી ઈરફાન સુલ્તાનીની ફાંસી ટાળી હતી. ઈરફાન બાદ ઈરાનમાં અન્ય ૮૦૦ પ્રદર્શનકારીઓને પણ સુપ્રીમ લીડર તરફથી માફી મળી ગઈ છે. આ પ્રદર્શનકારીઓને ફાંસી આપવામાં આવી નથી.એટલું જ નહીં,ખામેનેઈ સરકારના પ્રતિનિધિઓએ ટ્રમ્પને આશ્વાસન આપ્યું કે તેમણે પ્રદર્શનકારીઓ વિરુદ્ધ આકરા પગલાં લેવાનું ટાળ્યું છે.એક રીતે જોઈએ તો ખ્યાલ આવે છે કે, ઈરાને ટ્રમ્પના અહમને ઠેસ ન પહોંચે તેનું પૂરતું ધ્યાન રાખ્યું છે. જેના કારણે અમેરિકાએ હાલ પૂરતો ઈરાન પર હુમલાનો નિર્ણય ટાળ્યો છે. જો તમે ધ્યાનથી જોશો તો સમજાય છે કે, ઈરાન પર ટ્રમ્પનું નરમ વલણ માત્ર પ્રદર્શનકારીઓને અભયદાન આપવા પૂરતું મર્યાદિત નથી; પડદા પાછળ કંઈક અલગ જ રંધાઈ રહ્યું છે. ૧૩ જાન્યુઆરીએ મધ્ય પૂર્વમાં અમેરિકાના મિત્ર દેશો - સાઉદી અરેબિયા, ઓમાન અને કતરે ટ્રમ્પને હુમલો ન કરવા અપીલ કરી હતી. આરબ દેશોની દલીલ હતી કે, હુમલાના વળતા જવાબમાં ઈરાન તેમને નિશાન બનાવી શકે છે.

## રાણા બાલાચૌરિયા હત્યાના શંકાસ્પદનું મોત, સાત કલાક પછી પોલીસે ગોળી મારીને હત્યા કરી





મોહાલી,

કબડ્ડી પ્રમોટર રાણા બાલાચૌરિયાની હત્યાના મુખ્ય શૂટર કરણ ડિફોલ્ટરનું મંગળવારે સવારે પોલીસ એન્કાઉન્ટરમાં મોત થયું હતું. આ એન્કાઉન્ટર નવા ચંદીગઢના મુલ્લાનપુર વિસ્તારમાં ક્રિકેટ સ્ટેડિયમ નજીક ગામ રૂર્ખી ખામ (એરપોર્ટ રોડ) માં થયું હતું. સવારે ૭ વાગ્યાની આસપાસ શરૂ થયેલ આ એન્કાઉન્ટર અડધો કલાક ચાલ્યું.

પોલીસના જણાવ્યા મુજબ, ડિફોલ્ટર કરણ પાસે .૩૦ બોરની પિસ્તોલ હતી. તેણે પોલીસ પર છ થી સાત રાઉન્ડ ફાયરિંગ કર્યું, જ્યારે પોલીસે લગભગ નવ રાઉન્ડ ફાયરિંગ કર્યું. ક્રોસફાયરમાં કરણને ગોળી વાગી હતી. તેને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં તેનું મોત નીપજ્યું. ઘટનાસ્થળે પહોંચ્યા બાદ એસએસપી હંસે આ વાતની પુષ્ટિ કરી.એવું જાણવા મળ્યું હતું કે કરણ ગઈકાલે રાત્રે પોલીસ કસ્ટડીમાંથી ભાગી ગયો હતો. તે સીઆઈએ સ્ટાફની કસ્ટડીમાં હતો અને તેને .૩૦ બોરની પિસ્તોલ મેળવવા માટે લઈ જવામાં આવી રહ્યો હતો. ધુમ્મસને કારણે, પોલીસની ગાડી ડિવાઈડર સાથે અથડાઈ ગઈ અને કરણે છાતીમાં દુખાવો થવાનું નાટક કર્યું. ખારર હોસ્પિટલમાં લઈ જતી વખતે, તેણે પહેરેલી હાથકડીથી પોલીસ અધિકારી પર હુમલો કર્યો અને ઘટનાસ્થળેથી ભાગી ગયો. હુમલામાં પોલીસ અધિકારી જસવિંદર ઘાયલ થયા હતા. કરણના ભાગી જવા અંગે ગઈકાલે રાત્રે ખારર પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી, જ્યારે એન્કાઉન્ટર અંગે અલગ એફઆઈઆર દાખલ કરવામાં આવી રહી છે.એસએસપીના જણાવ્યા મુજબ, કરણ છ થી સાત કલાક સુધી ફરાર રહ્યો. મંગળવારે સવારે, સીઆઈએ ટીમને માહિતી મળી કે તે મુલ્લાનપુર વિસ્તારમાં છે, જેના પગલે પોલીસે છટકું ગોઠવ્યું. ઘેરાબંધી દરમિયાન, કરણે ગોળીબાર કર્યો, જેના કારણે પોલીસે વળતો જવાબ આપ્યો અને તેને ગોળી વાગી ગઈ.

## પશ્ચિમ બંગાળમાં ભાજપ સરકાર બનતા જ ઘૂસણખોરો સામે કાર્યવાહી કરાશે: PM મોદી

### વડાપ્રધાન મોદીએ પશ્ચિમ બંગાળના માલદામાં ભારતની પ્રથમ વંદે ભારત સ્લીપર ટ્રેનનું ઉદ્ઘાટન કર્યું.

માલદા,

પશ્ચિમ બંગાળના માલદામાં શનિવારે પીએમ મોદીએ કહ્યું કે બંગાળ સામે ઘૂસણખોરીનો એક મોટો પડકાર છે. બંગાળના ઘણા વિસ્તારોમાં વસ્તીનું બેલેન્સ બગડી રહ્યું છે. ટીએમસી ઘૂસણખોરોને મતદાર બનાવી રહી છે. ગરીબોનો હક છીનવાઈ રહ્યો છે. ભાજપ સરકાર બનતા જ ઘૂસણખોરો સામે કાર્યવાહી કરવામાં આવશે.


આયુષ્માન ભારત યોજના પર વાત કરતા પીએમએ કહ્યું કે, ટીએમસીના લોકોને તમારી તકલીફની કોઈ ચિંતા નથી. અહીં આયુષ્માન યોજના લાગુ થવા દેવામાં આવી નથી. આવી પથ્થર દિલ સરકારની બંગાળમાંથી વિદાય જરૂરી છે. શનિવારે, વડાપ્રધાન મોદીએ પશ્ચિમ બંગાળના માલદામાં ભારતની પ્રથમ વંદે ભારત સ્લીપર ટ્રેનનું ઉદ્ઘાટન કર્યું. તેમણે ટ્રેનને લીલી ઝંડી આપીને રવાના કરી હતી.પૂર્વી ભારતના લોકોનો વિશ્વાસ ભાજપના નામેઃ આપણો દેશ ૨૦૪૭ સુધીમાં વિકસિત થવા પર કામ કરી રહ્યો છે. તેથી પૂર્વી ભારતનો વિકાસ થવો જરૂરી છે. પૂર્વી ભારતને દાયકાઓ સુધી નફરત કરનારાઓએ જકડી રાખ્યું હતું. ભાજપે નફરતની રાજનીતિ કરનારાઓથી પૂર્વી ભારતને મુક્ત કર્યું છે. પૂર્વી ભારતના લોકોનો વિશ્વાસ ભાજપના નામે છે. તેમનો વિશ્વાસ ભાજપની સાથે છે.

ટીએમસીવાળાઓને તમારી તકલીફની કોઈ ચિંતા નથી. તેઓ પોતાની તિજોરી ભરવામાં વ્યસ્ત છે. હું ઈચ્છું છું કે દેશની જેમ બંગાળના ગરીબોને ૫ લાખની મફત સારવાર મળે, અહીં આયુષ્માન ભારત યોજના લાગુ થાય. બંગાળ દેશનું એકમાત્ર એવું રાજ્ય છે. અહીં આ યોજના લાગુ થવા દેવામાં આવી નથી. આવી પથ્થરદિલ સરકાર, આવી નિર્મમ સરકારની બંગાળથી વિદાય જરૂરી છે.



# 'રિજનલ એસ્પિરેશન, ગ્લોબલ એમ્બિશન'ના સૂત્રને આત્મસાત કરતી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ

## કુશળ કલાકારોની કલાને મળ્યું વૈશ્વિક મંચ: સરકારશ્રીનો આભાર માનતા કલાકારો



રાજકોટ,
"રિજનલ એસ્પિરેશન, ગ્લોબલ એમ્બિશન"ના પ્રેરણાદાયી સૂત્રને આત્મસાત કરતી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ –૨૦૨૬ રાજયના વિકાસ સાથે-સાથે ભારતીય પરંપરા, હસ્તકલા અને સર્જનાત્મકતાનું જીવંત પ્રદર્શન બની રહી.

કોન્ફરન્સ દરમિયાન સ્થાનિક અને પરંપરાગત કલાકારોની કલાને વૈશ્વિક સ્તરે રજૂ કરવાનો અનોખો અવસર મળ્યો. વિવિધ સ્ટોલ પર ભારતની સમૃદ્ધ હસ્તકલા અને લોકકલાએ મુલાકાતીઓનું ધ્યાન આકર્ષ્યું. આ તમામ વચ્ચે અત્યંત ગૌરવપૂર્ણ ક્ષણ આવી જયારે આપણા દેશના વડાપ્રધાનશ્રીએ કોન્ફરન્સમાં ઉપસ્થિત રહી વિવિધ સ્ટોલ્સની મુલાકાત લીધી. તેમની ઉપસ્થિતિએ કલાકારોના મનોબળને નવી ઊંચાઈ આપી અને ભારતીય પરંપરાગત કલાની ક્ષમતાને ઉજાગર કરી.

વર્ષ ૨૦૧૭થી લીપણ આર્ટ સાથે જોડાયેલા પૂજાબેન ચૌહાણ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથેની મુલાકાત ગૌરવની ક્ષણ બની રહી. પૂજાબેને જણાવ્યું કે, "વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ સમિટ જેવા વૈશ્વિક મંચ પર અમારી કલાને સ્થાન મળવું એ દરેક કલાકારનું સપનું છે. વડાપ્રધાનશ્રી સાથેની મુલાકાત અમારા માટે અવિસ્મરણીય બની રહેશે." કલાકારોને ઓળખ અને અવસર આપવા બદલ તેમણે સરકારશ્રીનો આભાર માન્યો હતો.

વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુઓ બનાવતા ભાવનગરથી આવેલા કલાકાર શ્રી શાંતિભાઈ ગોયાણીએ જણાવ્યું હતું કે, "નારીયેળમાંથી નીકળતા છોતરાંને સમાન્ય રીતે લોકો ફેંકી દેતા હોય છે, પરંતુ અમે તેનો ઉપયોગ કરીને વિવિધ કલાત્મક વસ્તુઓ બનાવીએ છીએ. વાઈબ્રન્ટ ગુજરાતનો અમારો અનુભવ ખૂબ જ સારો રહ્યો. સરકારશ્રી દ્વારા અમને નિઃશુલ્ક સ્ટોલ ફાળવવામાં આવ્યો. અમારે વેચાણ પણ ખૂબ સારું રહ્યું. જે બદલ અમે સરકારશ્રીનો આભાર માનીએ છીએ."

આ કોન્ફરન્સ તો ૧૫ જાન્યુઆરીના રોજ સમાપ્ત થઈ, પરંતુ સ્થાનિકથી વૈશ્વિક સુધીના સફરમાં કલાકારો અને તેમની સર્જનાત્મકતાને નવી ઓળખ અપાવતી ગઈ. આ કોન્ફરન્સ 'વોકલ ફોર લોકલ'ના સંકલ્પને વધુ મજબૂત બનાવી ભારતીય સાંસ્કૃતિક વારસાને વિશ્વના નકશા પર ઉજાગર કરતી ઐતિહાસિક પહેલ બની રહી.

-આલેખન - હેમાલી ભટ્ટ

# રાજકોટ ડી.ડી.ઓ. અનંદુ સુરેશ ગોવિંદની સરધાર ગામે સરપ્રાઈઝ વિઝિટ

## પંચાયત, શાળા, આંગણવાડી નિહાળી: ૧૦૦% વેરા વસુલાતની સૂચના



રાજકોટ,
રાજકોટ જિલ્લા વિકાસ અધિકારીશ્રી અનંદુ સુરેશ ગોવિંદએ સરધાર ગામ, તાલુકો રાજકોટની મુલાકાત લીધેલ. સરધાર ખાતે સરધાર ગામની આજુબાજુનાં ૨૨ ગામોનાં તલાટી કમ મંત્રીશ્રીઓની મિટીંગ કરવામાં આવી જેમાં તમામ કામગીરીનો રીવ્યુ કરવામાં આવ્યો તથા પંચાયતની વેરા વસૂલાતનો રીવ્યું કરી ૧૦૦ ટકા વસુલાત કરવા સુચનાં આપવામાં આવી, ગ્રામ સભામાં વેરા વસુલાત બાબતેની ચર્ચા કરવી, પોતાના ગામમાં સરકારી સંસ્થાઓ જેવી કે આરોગ્ય કેન્દ્ર, આંગણવાડી, શાળાની નિયમિત મુલાકાત લેવા તથા ઈ ગ્રામ અંતર્ગત મળતી તમામ સુવિધાનાં બોર્ડ લગાવવાની સુચના આપવા આવી તથા દરરોજ સમયસર નિયમિત હાજરી આપવા કડક સુચનાં આપવામાં આપી હતી. સરધાર ગ્રામ પંચાયતની મુલાકાત કરી લોક સંવાદ કરવામાં આવ્યો તથા લોકોનાં પ્રતિભાવો જાણવામાં આવ્યા તેમજ આવાસ અંતર્ગતની કામગીરી પુરી કરવી, , નાણાપંચના કામો ઝડપથી કરવા, ૧૦૦ ચો. વાર પ્લોશટ ની અરજીનો સત્વીરે યોગ્ય નિકાલ કરવો, નવા ગામતળ ના પ્રકરણ વિષે આગળની જરૂરી કાર્યવાહી કરવા જરૂરી કાર્યાહી કરવા સુચનાં આપી, વતન પ્રેમ યોજના અંતર્ગત ગાઈડ લાઈન મુજબ ગામમાં વિકાસની કામગીરી કરવી, તથા સરધાર ગામે પદાધિકારીશ્રીઓ તરફથી કોમ્યુનીટી હોલ બાબતે મળેલ રજુઆતો અન્વયે જરૂરી નિયમાનુંસાર કામગીરી કરવા બાબતે જરૂરી સુચનાંઓ આપવામાં આવી.આ ઉપરાંત શાળાની મુલાકાત કરવામાં આવી જયાં કન્યા શાળાના રમત-ગમ્મતનાં મેદાન બાબતે ચર્ચા કરી. આંગણવાડીમાં બાળકોની સંખ્યા વિષે તેમજ તેમાં હાજર રહેલ બાળકોની માહિતી મેળવી ૩ થી ૬ વર્ષનાં પોષણ ટ્રેકરમાં નોંધાયેલ તમામ બાળકોની ૧૦૦ ટકા હાજરી જળવાઇ રહે તે બાબતે તથા કુપોષિત બાળકો બાબતે ચર્ચા કરવામાં આવી.પ્રાથમિક આરોગ્યચ કેન્દ્રની મુલાકાત લઈ પ્રાથમિક આરોગ્યી કેન્દ્રમાં લેબોરેટરીમાં થતા તમામ પરીક્ષણો વિશે માહિતી મેળવી ધારાધોરણ મુજબ તમામ પરીક્ષણોની સેવાઓ પુરી પાડવામાં આવે તેવી વ્યવસ્થા રાખવા તથા આયુષ્યમાન કાર્ડ કાઢવાની કામગીરી બાબતે માહિતી મેળવી તમામ પાત્રતા ધરાવતા લોકોને આયુષમાન કાર્ડ મળી રહે તે જોવા સુચનાં આપવામાં આવી હતી.

# રાજકોટ આર.ટી.ઓ.ના ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેકની રજાનાં દિવસે બુક થયેલી એપોઈન્ટમેન્ટના શેડ્યુઅલમાં ફેરફાર




રાજકોટ,
પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરી, રાજકોટ ખાતે કાર્યરત ઓટોમેટેડ ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક ગત તા. ૧૦ અને ગત તા. ૧૪ જાન્યુઆરીએ જાહેર રજાના કારણે બંધ હોવાથી આ રજાના દિવસોમાં જે અરજદારોની એપોઈન્ટમેન્ટ બુક થઇ હતી, તેમના શેડ્યુઅલમાં ફેરફાર કરાયા છે.

જે મુજબ તા. ૧૦ના રોજ જે અરજદારોએ ટુ વ્હીલર અને ફોર વ્હીલરની સવારે ૧૧.૩૦ કલાકથી સાંજે ૦૪.૩૦ કલાક સુધી એપોઈન્ટમેન્ટ લીધેલી હોય, તેઓએ તા. ૧૬ના રોજ સવારે ૦૮.૩૦ કલાકથી સાંજે ૦૭.૩૦ કલાક દરમિયાન ટેસ્ટ માટે આવવાનું રહેશે. તેમજ તા. ૧૦ના રોજ જે અરજદારોએ ટુ વ્હીલર અને ફોર વ્હીલરની સાંજે ૦૪.૩૦ કલાકથી સાંજે ૦૭.૩૦ કલાક સુધી એપોઈન્ટમેન્ટ લીધેલી હોય, તેઓએ તા. ૧૭ના રોજ સવારે ૦૮.૩૦ કલાકથી સાંજે ૦૭.૩૦ કલાક દરમિયાન ટેસ્ટ આપવા આવવાનું રહેશે.વધુમાં, તા. ૧૪ના રોજ જે અરજદારોએ ટુ વ્હીલર અને ફોર વ્હીલરની સવારે ૦૮.૩૦ કલાકથી બપોરે ૦૧.૩૦ કલાક સુધી એપોઈન્ટમેન્ટ લીધેલી હોય, તેઓએ તા. ૧૯ના રોજ સવારે ૦૮.૩૦ કલાકથી સાંજે ૦૭.૩૦ કલાક દરમિયાન ટેસ્ટ આપવા આવવાનું રહેશે.તેમજ તા. ૧૪ના રોજ જે અરજદારોએ ટુ વ્હીલર અને ફોર વ્હીલરની બપોરે ૦૧.૩૦ કલાકથી સાંજે ૦૭.૩૦ કલાક સુધી એપોઈન્ટમેન્ટ લીધેલી હોય, તેઓએ તા. ૨૦ના રોજ સવારે ૦૮.૩૦ કલાકથી સાંજે ૦૭.૩૦ કલાક દરમિયાન ટેસ્ટ આપવા આવવાનું રહેશે, તેમ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, રાજકોટ જણાવેલ છે.

# મગફળી પલળી જતાં માંગરોળમાં ખેડૂતનો આપઘાત

## લોએજ ગામના ખેડૂતે ઝેરી ટીકડા ખાઇ જિંદગી ટૂંકાવી લીધી, ચિંતામાં આત્મહત્યા કરતા ચકચાર



જૂનાગઢ:
માંગરોળના લોએજ ગામના ૫૫ વર્ષીય ખેડૂત લખમણભાઈ નંદાણીયાએ સિઝનની મગફળી પલળી જતા આત્મહત્યા કરી. ઘઉંમાં નાંખવાના ઝેરી ટીકડા ખાઇ લઈ જિંદગી ટૂંકાવી લીધી છે. તેઓ સતત ચિંતામાં રહેતા હતા.

નવેમ્બર, ૨૦૨૫માં વિસાવદર પંથકમાં પડેલા કમોસમી વરસાદ અને માવઠાને કારણે ખેડૂતોની આર્થિક સ્થિતિ અત્યંત દયનીય બની છે. પાક નિષ્ફળ જવાથી ગંભીર આર્થિક સંકડામણના કારણે ઈશ્વરીયા ગામના ૪૨ વર્ષીય ખેડૂતે આત્મહત્યા કરી લીધી હતી. ખેડૂતના આ અંતિમ પગલાથી સમગ્ર પંથકમાં ગમગીની અને ચિંતાનું મોજું ફરી વળ્યું હતું.

ગીર સોમનાથ જિલ્લાના ઉના પંથકમાં કમોસમી વરસાદને કારણે પાક નિષ્ફળ જતાં એક ખેડૂતે આત્મહત્યા કરી. રેવદ ગામના ૪૯ વર્ષીય ખેડૂતે પોતાની વાડીના કૂવામાં ઝંપલાવી જીવન ટૂંકાવ્યું હતું. કૂવામાં તરીને બહાર ન નીકળી શકાય એટલા માટે પોતાના શરીરે વીજપોલનો ૩ ફૂટનો ટુકડો બાંધી દીધો હતો.

# રાજકોટમાં સ્વદેશી જાગરણ મંચ દ્વારા માર્ગદર્શક કાર્યક્રમ યોજાયો



રાજકોટ,
રાષ્ટ્રીય યુવા દિવસ નિમિતે સ્વદેશી જાગરણ મંચ રાજકોટનો જનજાગૃતી કાર્યક્રમ યોજાયેલ હતો. જેમાં રાજકોટ શહેરના લોકલાડીયા મેયરશ્રી નયનાબહેન પેઢડીયા અતિથિ વિશેષ ઉપસ્થિત રહી સ્વદેશી અને રોજગારી વિષે પ્રેરણાદાયી પ્રવચન આપેલ હતું . સ્વદેશી જાગરણ મંચના શહેર સંયોજક હાર્દિકભાઈ વ્યાસ (સી.એ.), રામકષ્ણ આશ્રમના સાધક કૌશિકભાઈ ગોસ્વાંમી સ્વદેશીપત્રિકાના ઉપપ્રમુખ રમેશભાઈ દવે પ્રાન્ત કોષાધ્યક્ષ વિનોદભાઈ પેઢડીયાએ પ્રાસંગીક પ્રવચન કરેલ. પ્રાન્ત્ મહિલા પ્રમુખ પ્રોફેસર ભાર્ગવીબહેન ભટ્ટે સૌનો પરિચય આપેલ. અતુલભાઈ જોશીએ સાયબર ફોર્ડથી કઈરીતે બચવા ઉપાયો માહિતી આપી હતી.

કાર્યક્રમનું સંચાલન શહેર મહિલા પ્રમુખશ્રી ચાંદનીબહેન શાહએ કરેલ હતું સહ મહિલા પ્રમુખ શ્રી નિધિબેન ગોકાણીએ ગીત ગવડાવેલ હતું. આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર પ્રાન્ત ના યુવા પ્રમુખ પ્રોફેસર ભાર્ગવભાઈ ગોકાણી, રાજકોટ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના વાઈસ ચેરમેનશ્રી પ્રવિણભાઈ નિમાવત, કોપોરેટર અને સ્ટેન્ડીંગ કમિટિના સદસ્ય , શુકલા કોલેજના ફાઉન્ડર શ્રી નેહલભાઈ શુકલ, ભાજપ અગ્રણી મહેશભાઈ તથા સર્જન ફાઉડેશનના સુરેશભાઈ પરમાર, વિશ્વ હિન્દુચપરિષદના રમાબેન હેરભા, સીયારામ મિત્રમંડળનાશ્રી હરેશભાઈ હરીયાણી અને એમની ટીમ ઉપિસ્થિત રહેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા તપનભાઈ લાડાણી, શ્રી રાજુભાઈ કકકડ શ્રી પ્રવિણભાઈ કાશયાણી, શ્રી જયેશભાઈ દોશી, કિશોરભાઈ ઓઝા તથા પ્રણવભાઈ દવેએ જહેમત ઉઠાવેલ હતી

# રાજકોટના વોર્ડ નં.૧૫માં શાળાનું નવું બિલ્ડીંગ ઘણા સમયથી તૈયાર : ઉદઘાટન ક્યારે ?

## લોકોને સાથે રાખી ઉદઘાટન કરી નાખવાની કોંગ્રેસ આગેવાને ચીમકી ઉચ્ચારી



રાજકોટ,
રાજકોટ શહેરના પૂર્વ ઝોનમાં વોર્ડ નં. ૧૫માં આવેલી શાળા નં.૭૬નું બિલ્ડીંગ લાંબા સમયથી બની જવા છતાં હજુ સુધી શાસકોએ ચાલુ નહીં કરાવતા વોર્ડના કોંગી કોર્પોરેટરોએ હવે લોકોને સાથે રાખી જાતે ઉદઘાટન કરી નાંખવા ચીમકી ઉચ્ચારી છે. વોર્ડ નં.૧૫માં ખોડીયાર નગર મેઈન રોડ પર આવેલ શાળા નંબર ૭૬માં ખોડીયાર પ્રાથમિક શાળાની નવી બિલ્ડીંગ ઘણા સમયથી તૈયાર થઈ ગઈ છે.

પરંતુ શાળા ચાલુ કરવા માટે કયા મોટા નેતાની રાહ જોવાય છે તે સમજાતું નથી. હવે જો ૮ દિવસમાં આ શાળા નંબર ૭૬નું નવું બિલ્ડીંગ ચાલુ નહીં કરવામાં આવે તો વોર્ડ નંબર ૧૫ના ચારેય કોર્પોરેટર વશરામભાઈ સાગઠીયા, મકબુલભાઈ દાઉદાણી, કોમલબેન ભારાઈ, ભાનુબેન સોરાણી, કોંગ્રેસ કાર્યકર્તા અને સ્થાનિક રહીશોને સાથે રાખીને આ શાળા ચાલુ કરાવી નાંખશે તેવી જાહેરાત કરવામાં આવી છે.

આ વિસ્તારના બાળકોને જયાં સુધી આ બિલ્ડિંગ નવી બનતી હતી ત્યાં સુધી ટ્રાન્સપોર્ટેશન ખર્ચ પણ કોર્પોરેશન તરફથી આપવામાં આવેલ નથી અને આ વિસ્તારના બાળકોને પોતાના અભ્યાસ માટે દૂર હાલમાં જયાં શાળા નંબર ૭૬ અને ૨૯ એકી સાથે ચાલુ છે ત્યાં જવું પડે છે. મનપાએ લાંબા સમય બાદ અહીં સ્કુલ માટે માલિકીનું બિલ્ડીંગ બનાવ્યું છે. આ શાળાનો પ્રશ્ર્ન જનરલ બોર્ડમાં પણ ગાજેલો છે. આમ છતાં હજુ તેના ઉદઘાટનમાં આશ્ર્ચર્યજનક વિલંબ કરવામાં આવતો હોવાનું કોંગ્રેસ કહે છે.

# છૂટાછેડા પછી તેના બાપા પૈસા ગણવા બેસે એ શરમજનક: રૂપાલા

## બહુ મોડું થઈ ગયું છે, આપણો સમાજ પાછળ રહી ગયો', સુરત પાટીદાર સમાજના કાર્યક્રમમાં સાંસદની હૈયાવરાળ




સુરત:
સુરતમાં સૌરાષ્ટ્ર કડવા પાટીદાર સેવા સમાજના કાર્યક્રમમાં લોકસભા સાંસદ પુરુષોત્તમ રૂપાલાએ સમાજની વર્તમાન સ્થિતિ અને ભવિષ્યના પડકારો અંગે ગંભીર અને મનનીય વિચારો વ્યક્ત કર્યા હતા. આ સાથે જ જાહેર મંચ પરથી પાટીદાર સમાજને આકરી ટકોર કરી હતી.રૂપાલાએ પોતાના વક્તવ્યમાં સમાજમાં આવતાં પરિવર્તનો, કુરિવાજો અને આંતરિક અનુશાસન પર વિશેષ ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે છૂટાછેડા પછી તેના બાપા પૈસા ગણવા બેસે છે એ સમાજ માટે શરમજનક છે. બહુ મોડું થઈ ગયું છે, આપણો સમાજ પાછળ રહી ગયો છે.રૂપાલાએ જણાવ્યું હતું કે આપણે ભવનો બનાવવાનાં છે, સાથે સાથે સમાજનું પણ ઘડતર કરવાની જરૂર છે. હવે આપણે સમાજમાં કોઈ નિયમો રાખ્યા છે? આપણું કોઈ બંધારણ છે? આપણે કોઈ નીતિ-નિયમ પ્રમાણે ચાલવું છે? એમાં હવે ખૂબ ગંભીરતાથી વિચારવાની આવશ્યકતા છે અને અન્ય સમાજો આપણા કરતાં આગળ થઈ ગયા છે. પાંચ-પચ્ચીસ વર્ષ પહેલાં એવો સમય હતો કે આપણો સમાજ નિર્ણય કરતો અને બીજો સમાજ એને ફોલો કરતો. આજે બીજા સમાજોએ નિર્ણય કરી નાખ્યા અને આપણે તો હજી વિચારણા પણ નથી શરૂ કરી.આ ખૂબ ગંભીર મુદ્દો છે, એમાં આપણે વિચારવાની આવશ્યકતા છે. કેટલાય સમાજે નિર્ણય કર્યા. એક સમાજે તો એવો નિર્ણય કર્યો કે સોનાના દાગીના દેવાના જ નહી. સામાજિક નિર્ણય છે, નિર્ણય થઈ ચૂક્યો છે. ઘણા સમાજની અંદર સમૂહલગ્નોના નિર્ણય થઈ ગયેલા છે કે આખા સમાજના એક જ તારીખે લગ્ન થાય - કચ્છ આહીર સમાજ, એની એક જ તારીખ, એ તારીખે જ બધાનાં લગ્ન થાય.

રૂપાલાએ વધુમાં કહ્યું હતું કે આપણા સમાજે આવું કંઈ વિચારવાની આવશ્યકતા છે? અને એટલું લગ્ન પૂરતું જ નહી, બીજા ખૂબ આપણા વ્યવહારો જાત-ભાતના વધી ગયા છે. એમાંથી જો આપણે સામાજિક બંધારણની કોઈ અસર નહી આપીએ તો આ ભવનો એ સગવડતા આપણી વધારશે, પણ સામાજિક પોત જે આપણું હતું એ ઘસાતું જાય છે.

સાંસદે જણાવ્યું હતું કે આપણે પ્રસંગોપાત્ત એકત્રિત થઈએ છીએ અને પછીની આપણી કોઈ ગતિવિધિ નથી, એટલે આપણામાં હમણા થોડીક સુષુપ્તતા આવી ગઈ છે અને એને લીધે સામાજિક નિયંત્રણો રહ્યાં નથી. હજી હું એવા કાર્યક્રમોમાં જાઉં તો નેતાનું ભાષણ ચાલતું હોય, પાછળથી હરિહરની થાળી પડી જાય, એ પાછળનું પડાળ ખાલી થઈ જાય. નેટ ઊભા ઊભા ભાષણ કરતા હોય, પણ પાછળ કોઈ વધ્યું ન હોય! આપણે પૂછીએ કે કેમ આમ થયું? તો કહે જમણવાર ચાલુ થઈ ગયો! પણ તમે સમાજના કાર્યક્રમમાં આવ્યા છો, તો સમાજનો કાર્યક્રમ એને પણ સાયન્ટિફિક રીતે બનાવો. ૪ વાગ્યે શરૂ થશે, ૬ વાગ્યે પૂરો થઈ જશે. મહેમાન આવવાના હશે એ આવશે, નહી આવવાના હોય મોડા આવે એ ૬ વાગ્યે.

તેમણે કહ્યું હતું કે કાર્યક્રમો હવેના સમય પ્રમાણે આપણે કરવા જોઈએ. ગમે ત્યારે શરૂ કરીએ, ભાઈ ગમે ત્યારે પૂરા કરીએ, એને લીધે આ બધા પ્રશ્નો થાય છે અને એને લીધે મંચની ગરિમા નથી રહેતી, સમાજની ગરિમા નથી રહેતી. આપણી ધાક હોવી જોઈએ કે ભાઈ આ સમાજનો કાર્યક્રમ છે, એમાં ટાઈમસર પોગો, પછી ન્યા કંઈ નહી હોય. સાંસદે આગળ જણાવ્યું હતું કે પહેલા આપણા લગ્નમાં એવું થતું કે ૧૨ વાગ્યા પછી કોઈ જમવાવાળા આવે તો પીરસનારા સામા મળે! એ આપણા સમાજની શાખ હતી, એ આબરૂ હતી. તે દી હારથિયા આપણે આ કરતા હતા, એ દિવસે આપણી આ શાખ હતી. હવે આ કેટરિંગવાળાને સોંપ્યું છે એટલે ચાલ્યા રાખે છે! અને બગાડ પણ એટલો થાય છે. થાળીઓ એમ ને એમ ભરેલી ને એમ ને એમ ચાલ્યા રાખે બધું. આ બધી ચીજોમાં આપણા સમાજની શાખ ખોવાઈ રહી છે. મૂળ વિષય આ છે અને એ શાખ ઘવાતી ઘવાતી પછી ત્યાં સુધી ગઈ છે કે હવે દીકરા-દીકરી માનતાં નથી! પણ મારો બહુ સ્પષ્ટ મત છે કે એમાં દીકરા કે દીકરીઓનો વાંક નથી, આપણો વડીલોનો વાંક છે.

# રાજકોટની આત્મીય યુનિ.ને 'પ્રાઈડ ઓફ નેશલ' એવોર્ડ એનાયત




રાજકોટ,
રાજકોટની આત્મીય યુનિ.ને પ્રાઈડ ઓફ નેશન એવોર્ડ-૨૦૨૫ એનાયત કરવામાં આવેલ છે. દેશની ટોચની ૧૩ યુનિ.ઓમાં આ એવોર્ડ માટે આત્મીય યુનિ.ની પસંદગી કરવામાં આવી છે.

વેટરન્સ ઈન્ડિયાએ આત્મીય યુનિ.ની નોંધ લીધી છે. આ એવોર્ડ માટે હાઈકોર્ટના નિવૃત્ત મુખ્ય ન્યાયાધીશના નેતૃત્વ હેઠળની પાંચ સભ્યોની જ્યુરી દ્વારા આત્મીય યુનિવર્સિટીની પસંદગી કરવામાં આવી છે.

આ સમારોહમાં માનનીય સંજય શેઠ મિનિસ્ટ્રી ઓફ સ્ટેટ ડિફેન્સ, પ્રો.ડો. અનિલ સહસ્ત્રબુદ્ધે ચેરમેન પ્રો. ટી.જી.સીતારામ ચેરમેન ઓફ શ્રી રામ લાલજી આખીલ ભારતીય સંપર્ક પ્રમુખ પ્રો. વિજયકુમાર પાઠક પ્રિઈસિડેન્ટ ઓફ સહિત અનેક પ્રતિષ્ઠિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતા. આ એવોર્ડ આત્મીય યુનિ.ને કન્વેન્શન સેન્ટર, દિલ્હી ખાતે આયોજિત એક સમારોહ દરમિયાન એનાયત કરવામાં આવ્યો હતો.

આ એવોર્ડ પ્રાપ્તિનું મુખ્ય કારણ આત્મીય યુનિવર્સિટીમાં ચાલતી રાષ્ટ્રીયહિતકારી પ્રવૃતિઓ અને એન.સી.સી. જેવી વિદ્યાર્થીલક્ષી નિરંતર ચાલતી પ્રવૃતિઓથી છે. જે દર વર્ષે દિલ્હી પરેડ રેલીમાં નેશનલ લેવલની સમિટમાં ભાગ લઈ એન.સી.સી. ના વિદ્યાર્થીઓ બ્રોન્ઝ મેડલ, સિલ્વર મેડલ અને ગોલ્ડ મેડલ મેળવે છે. આત્મીય યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ ત્યાગવલ્લભ સ્વામીજીના પ્રેરણા સાથે આત્મીય યુનિવર્સિટીના પ્રો ચાન્સેલર ડો. શીલા રામચંદ્રન,ડો. અજય જૈન પ્રો. ચાન્સેલર વાઈસ ચાન્સેલર ડો. રાકેશકુમાર મુદગલ, રજીસ્ટ્રાર ડો. ડી.ડી.વ્યાસ, તેમજ સેન્ટર ફોર ટોટલ ક્વોલિટી મેનેજમેન્ટના ડાઈરેકટર ડો. રવિ ટાંક અને (ચેતના વિકાસ મુલ્ય શિક્ષા) ના માર્ગદર્શન હેઠળ તમામ એન.સી.સી. કેડેટ્સની દેશ પ્રત્યેની સમર્પિતતાની ભાવનાને કારણે આત્મીય યુનિવર્સિટીને વેટરન્સ ઈન્ડિયા સંસ્થા દ્વારા આ મહામુલો એવોર્ડ આપવામાં આવ્યો છે.

# ગીર જંગલની વચ્ચે પ્રાંચી રોડ સ્ટેશને વિદ્યાર્થીઓ દ્વારા ટ્રેન રોકો આંદોલન




તાલાલા ગીર:
તાલાલા પંથકની જીવાદોરી સમાન ચાર ટ્રેનો બંધ કરવાનાં નિર્ણયના વિરોધમાં ગીરના જંગલની વચ્ચે આવેલ પ્રાંચી રોડ (જંકશન) રેલ્વે સ્ટેશન ઉપર વિદ્યાર્થીઓએ દેલવાડાથી તાલાલા આવતી પેસેન્જર ટ્રેનને અડધો કલાક સુધી રોકી રેલવે બાબુઓના મનસ્વી નિર્ણય સામે રોષ પ્રગટ કર્યો હતો.જૂનાગઢ-દેલવાડા ટ્રેન બંધ થવાથી ગ્રામીણ વિસ્તારમાંથી અભ્યાસ માટે અપડાઉન કરતા ૫૦ થી વધુ વિદ્યાર્થીઓ તથા આરોગ્ય સેવા અને સરકારી કામકાજ માટે જતી તાલાલા સહિત ત્રણ તાલુકાની મુસાફર જનતાની પરિવહન સેવા ઝુંટવાઈ જશે. આ ટ્રેન બંધ કરવાનો રેલ્વે બાબુઓ દ્વારા લેવાયેલ નિર્ણય સરમુખત્યાર અને પ્રજા વિરોધી છે. તાલાલા પંથકની જીવાદોરી સમાન ચાર ટ્રેનો બંધ કરવાનાં નિર્ણયના વિરોધમાં ગીરના જંગલની વચ્ચે આવેલ પ્રાંચી રોડ (જંકશન) રેલ્વે સ્ટેશન ઉપર વિદ્યાર્થીઓએ દેલવાડાથી તાલાલા આવતી પેસેન્જર ટ્રેનને અડધો કલાક સુધી રોકી રેલવે બાબુઓના મનસ્વી નિર્ણય સામે રોષ પ્રગટ કર્યો હતો. આ અંગે પ્રાંચી રોડ રેલવે સ્ટેશન અધિકારી આવેદનપત્ર પાઠવી ટ્રેનો બંધ કરવાનો નિર્ણય રદ કરી બધી જ ટ્રેનો વર્તમાન સમય પત્રક પ્રમાણે ચલાવવા આવેદનપત્રમાં માંગણી કરવામાં આવી છે. જાવંત્રી ગીર ગામના સરપંચ બ્લોચે જણાવ્યું હતું કે આ નિર્ણયનાં વિરોધમાં કાલે શનિવારે પણ પ્રાંચી રોડ રેલ્વે સ્ટેશન ઉપરથી પસાર થતી ટ્રેનોને રોકવામાં આવશે.

જૂનાગઢ- દેલવાડા- જૂનાગઢ તથા જૂનાગઢ- વેરાવળ- જૂનાગઢ મીટરગેજ ચાર પેસેન્જર ટ્રેનો તા. ૧૯મીથી બંધ કરવાના નિર્ણય તાલાલા પંથકના ૪૫ ગામની પ્રજા માટે ભારે અન્યાયકારક છે. આ વિસ્તારની છેવાડાની ગરીબ અને પછાત પ્રજા માટે આ ટ્રેનો સસ્તી પરિવહન સેવા આપતી હોય ટ્રેનો બંધ થવાથી નાના પરિવારો દયાજનક સ્થિતિમાં મુકાઈ જશે. રેલ્વે વિભાગે કરેલ આ નિર્ણયની તુરંત પુનઃ વિચારણા કરવા તાલાલા રેલવે સલાહકાર સમિતિના સભ્ય ચારીયાએ સોરઠના સાંસદ સમક્ષ રજૂઆત કરાઇ છે.

# આબુ ખાતે ગિરીશ ભીમાણીએ કરેલ કૃત્યના સી.સી.ટી.વી. ફૂટેજ મીડિયા સમક્ષ રજુ કરવામાં આવ્યાં

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલીઃ
સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ અને ત્યાર બાદ અમરેલી વિદ્યાસભાના કોલેજ વિભાગનાં કેમ્પસ ડાયરેક્ટ તરીકે જોડાયેલા ગિરીશ ભીમાણીના કાળા કરતૂતો અમરેલી એ.બી.વી.પી. દ્વારા જાહેર કરવામાં આવતાં સમગ્ર શૈક્ષિક જગતને કલંકિત કરનારા આ ઈસમ સામે અમરેલી સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં રોષ વ્યાપી જવાં પામેલ છે. ત્યારે આજે અમરેલી ખાતે વિદ્યાસભા સંકુલમાં આવેલ બી.સી.એ. કોલેજ ખાતે અમરેલી એ.બી.વી.પી. દ્વારા "ગિરીશ ભીમાણી હાય હાય, ગિરીશ ભીમાણી મુર્દાબાદ" નારા લગાવી આંદોલન શરૂ કરી દેવામાં આવેલ છે. ત્યારે આજે સવારે અમરેલી એ.બી.વી.પી. દ્વારા એક પ્રેસ કોન્ફરસ પણ કરી હતી. જેમાં આબુ ખાતે ગિરીશ ભીમાણીએ કરેલ કૃત્યના સી.સી.ટી.વી. ફૂટેજ મીડિયા સમક્ષ રજુ કરવામાં આવ્યાં હતાં.





અમરેલી એ.બી.વી.પી.ના નીતિન નકુમે જણાવ્યું હતું કે, આ પ્રવાસના આયોજન પહેલાં જ ગિરીશ ભીમાણીની મેલી મુરાદ હતી. સાંજે પ્રવાસ અમરેલીથી રવાના થાય તેવું આયોજન કરવામાં આવેલ હતું. પરંતુ આ શખ્સ દ્વારા પ્રવાસ રાત્રે ઉપડે તે માટે થઈને દબાણ કરવામાં આવેલ હતું. ત્યાર બાદ આ ગિરીશ ભીમાણી આ કોલેજનાં પ્રવાસ પાછળ પાછળ આબુ પહોંચી જઈ અને આ પ્રવાસમાં ગયેલી વિદ્યાર્થીનીઓ એક ઠંડા પીણાની દુકાને તથા આઈસ્ક્રીમ પાર્લરમાં ગઇ હતી. ત્યારે આ શખ્સ દ્વારા જાહેરમાં વિદ્યાર્થીનીઓની છેડતી કરી હતી. ત્યારે અમરેલી એ.બી.વી.પી. દ્વારા આ ઘટનાંના સી.સી.ટી.વી. ફૂટેજ પણ મેળવી લઈ મીડિયા સમક્ષ જાહેર કર્યાં હતાં.

આ ઘટનાં બાદ આ પ્રવાસ અમરેલી પહોંચતાં અમરેલી એ.બી.વી.પી.ના કાર્યકરો દ્વારા આ ઘટના અંગે વિદ્યાસભા દ્વારા પોલીસમાં ફરિયાદ નોંધાવવા માંગણી કરતાં આ વિદ્યાસભાના એક ટ્રસ્ટી દ્વારા મામલાને રફેદફે કરવાં માત્ર ગિરીશ ભીમાણીને સેવા મુક્ત કરી દેવામાં આવ્યાં હતાં. બાદમાં એ.બી.વી.પી.ના કાર્યકરો વિદ્યાર્થીનીઓ સાથે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં આધાર પુરાવા સાથે ફરિયાદ કરવાં માટે થઈ પોલીસ સ્ટેશન ખાતે પહોંચ્યાં હતાં. પણ ત્યાં પણ આ બનવાની ફરિયાદ કે ગિરીશ ભીમાણી વિરૂધ્ધ અરજી લેવાની ફરજ પરના પોલીસ કર્મીએ ના પાડી દેવામાં આવી હતી. તેવો પણ આક્ષેપ કરાયો છે.

ત્યારે આજે અમરેલી એ.બી.વી.પી. દ્વારા એવી માંગ કરવામાં આવેલ છે, આ બનાવમાં શરૂઆતથીજ આ ગિરીશ ભીમાણીના મામલાને રફેદફે કરવાં માટે ભુંડી ભૂમિકા ભજવનાર તથા આ ફરિયાદ અથવા તો અરજી નહીં લેનાર જવાબદાર પોલીસ કર્મી સામે પોલીસ અધિક્ષકના વડપણ હેઠળ સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની રચના કરી અને તપાસ હાથ ધરવા અને આ બનાવમાં આરોપીને છાવરવાનો પ્રયાસ કરનાર સામે પગલાં ભરવા પણ અંતમાં અમરેલી એ.બી.વી.પી.ના કાર્યકરોએ માંગણી કરેલ છે.

# અમરેલીની અગણિત સમસ્યાઃ વિકાસની પતંગ હવામાં, વિવિધ પરેશાની જમીન ઉપર

## શહેરમાં ઠેકઠેકાણે ગંદકી, બંધ સ્ટ્રીટલાઈટ, વિકરાળ ટ્રાફિક સમસ્યા અને ઠેકઠેકાણે કેબિનો અને રેંકડિઓનું દબાણ

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલીઃ
એક તરફ મકરસંક્રાંતિ પર્વે સત્તા પક્ષનાં આગેવાનોએ આકાશમાં પતંગ ચગાવતી વેળા એવું જણાવ?યું કે,વિકાસનો પતંગ આસમાન બાજુ જઈ રહ્યો છે અને આગામી તમામ ચૂંટણીમાં સત્તા પક્ષનો પતંગ જ ઊંચે જવાનો છે. તેવા જ સમયે વિનાશની પરેશાની જમીન ઉપર ઉભી થયેલી જોવા મળી રહી છે.

અમરેલી એ જિલ્લાનું મુખ્ય મથક છે. શહેરની જન સંખ્યાનો આંક દોઢ લાખને વટાવી ચુકયો છે. શહેરીજનોએ દર વર્ષે પાલિકાથી લઈને પાર્લામેન્ટની તિજોરીમાં પ્રત્યક્ષ કે પરોક્ષરૂપે કરવેરા રૂપે કરોડો રૂપિયા જમા કરાવે અને બદલામાં શહેરીજનોને સ્વચ્છતા, ઉજાસ, ખુલ્લા માર્ગો, ઢોરમુકત અવરજવર સહિતની સુરક્ષા મળવી જોઈએ અને તેની જવાબદારી સુધરાઈ સભ્યથી લઈને સંસદસભ્યની હોય છે.





પરંતુ, અમરેલીમાં ઠેકઠેકાણે ગંદકી, બિસ્માર માર્ગો, ખુલ્લી ગટરો, ફૂટપાથ અને જાહેર માર્ગો ઉપર કેબિનો, રેંકડીઓનું દબાણ, આડેધડ વાહનોનું પાર્કિંગ અને સૌથી મોટી સમસ?યા રખડતા પશુઓની છે. શહેરનાં અનેક રહેણાંક વિસ?તાર ઢોરવાડામાં છે કે ઢોરવાડા રહેણાંક વિસ્તારમાં છે તે સમજી શકાતુ નથી. શહેરનાં ક્રીમ વિસ્તાર પૈકીનાં શિવપાર્ક અને યુમના પાર્ક વિસ્તારમાં રખડતા ઢોર, ગંદકી અને સ્ટ્રીટલાઈટનો અભાવ જેવી ત્રિવેણી સમસ્યાનો સંગમ જોવા મળી રહ્યો છે. અવારનવાર પાલિકાનાં શાસકોને રજૂઆત કરવા છતાં પણ કોઈ જ પરિણામ મળતું ન હોય સત્તાપક્ષનાં ટોચનાં આગેવાનોએ સમસ્યાનું નિરાકરણ કરવું જોઈએ તેવું લાગી રહ્યું છે.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના ૧૦૦ વિદ્યાર્થીઓએ ખડક ચઢાણની બેઝિક તાલીમ મેળવી

## ૧૦ દિવસીય ખડક ચઢાણનો બેઝિક કોર્સ પૂર્ણ કરનારને પ્રમાણપત્ર એનાયત

જૂનાગઢ,
જૂનાગઢના પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર ખાતેથી જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના ૧૦૦ વિદ્યાર્થીઓએ ખડક ચઢાણની બેઝિક તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. આ ૧૦ દિવસીય કોર્ષ પૂર્ણ થતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં.

રાજ્ય સરકારના કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર દ્વારા સંચાલિત પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર ખાતે આ ખડક ચઢાણ બેઝિક કોર્સ તા.૦૭-૦૧-૨૦૨૬ થી તા.૧૬-૦૧-૨૦૨૬ દરમિયાન યોજાયો હતો. જેમાં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના અલગ-અલગ ૧૧ ફેકલ્ટીના કુલ ૧૦૦ શિબિરાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

શિબિરના અંતિમ દિવસે સમાપન કાર્યક્રમ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિઓના નિયામક ડો. આર. એમ. સોલંકીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. ઉપરાંત ફિઝિકલ ઈન્સ્ટ્રક્ટર ડો. એન. વી. કાનાણી, શ્રી કે. પી. રાજપૂત, ઈન્ચાર્જ ઈન્સ્ટ્રક્ટર શ્રી ઉપેન્દ્રસિંહ એમ. રાઠોડ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ મહેમાનોના હસ્તે તાલીમાર્થીઓને પ્રમાણપત્રો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ડો. આર. એમ. સોલંકીએ જણાવ્યું હતું કે, મક્કમ મનોબળ ધરાવતી વ્યક્તિ કોઈપણ પહાડ જેવી મુશ્કેલીનો સામનો કરી શકે છે. તેમણે કૃષિ યુનિવર્સિટી અને પર્વતારોહણ તાલીમ કેન્દ્રને એકબીજાના પૂરક ગણાવી દર વર્ષે વિદ્યાર્થીઓને આ તાલીમ કેન્દ્રમાં મોકલવામાં આવતાં હોવાનું ઉમેર્યુ હતું.

ડો. એન. વી. કાનાણીએ જણાવ્યું હતું કે, ખડક ચઢાણ બેઝિક કોર્સ શારીરિક ક્ષમતામાં વધારો કરે છે અને અભ્યાસ સાથે સાથે આ પ્રકારની સાહસિક પ્રવૃત્તિઓ જીવન ઘડતરમાં ખૂબ ઉપયોગી થઈ પડે છે. સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થાના પૂર્વ પ્રિન્સીપાલ શ્રી કે. પી. રાજપૂતે શાબ્દિક અભિવાદન કર્યું હતું. ઈન્સ્ટ્રક્ટર ઈન્ચાર્જ શ્રી ઉપેન્દ્રસિંહ એમ. રાઠોડે આભારવિધિ કરી હતી. કાર્યક્રમનું સંચાલન શ્રી રામ જીતકુમાર તથા શ્રી ડોડીયા રોહને કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, આ ખડક ચઢાણ બેઝિક કોર્સમાં શ્રી અંબર વિષ્ણુ, શ્રી પ્રદીપકુમાર, શ્રી ગફુલ બારૈયા, શ્રી મહેશ લોલાડીયા, શ્રી રોહિત વેગડ, શ્રી દેવરાજ ગોહિલ, શ્રી જીગ્નેશ પટેલ, શ્રી વિશાલ ગન્વિત, શ્રી નૈનેષકુમાર રાઠવા, શ્રી પરેશ રાઠોડ તથા શ્રી દશરથ પરમાર દ્વારા શિબિરાર્થીઓને તાલીમ આપવામાં આવી હતી.

# રાજકોટના વોર્ડ નં.૧૮ના વિનોદનગર મેઈન રોડ વિસ્તારમાં ગંદકીના થર : રોગચાળાનો ભય



રાજકોટ,
રાજકોટ વોર્ડ નં.૧૮ના વિનોદનગર મેઈન રોડ પર પાણીની લાઈન આપવામાં આવી નથી. આ ઉપરાંત ટીપર વાન ન આવતી હોવાથી ગંદકીના ગંજ ખડકાયા છે. જેને પગલે લોકોને રોગચાળો ફેલાવવોનો ભય છે.

વોર્ડ નં.૧૮માં વિનોદનગર, સુખરામનગર, તેમજ આવાસ યોજનાના કવાર્ટર અને ગ્રીનપાર્ક પુરૂષાર્થ સોસાયટી, રેઈનબો સોસાયટી આવેલ છે. જેમાં બાળકો, મહિલાઓ, વૃધ્ધિ વસવાટ કરે છે. ગંદકીના કારણે વૃધ્ધો અને બાળકો પર રોગચાળાનો ભય રહેલો છે. આ વિસ્તારના રહેવાસીઓ દ્વારા અનેકવાર રજુઆત કરવા છતા તંત્ર દ્વારા કોઈ નકકર પગલા ન લેવાતા રહેવાસીઓમાં રોષ વ્યાપી ગયો છે. આ અંગે વહેલી તકે કામગીરી કરવા રજુઆત કરવામાં આવી છે


### ગોખરવાળા નજીક શેત્રુંજી નદીમાંથી ૩ લોડર, ૨ ડમ્પરમાં રેતી ચોરી ઝડપાઈ

અમરેલીઃ
અમરેલીના ગોખરવાળા નજીક શેત્રુંજી નદીના પુલ પાસે નદીના પટ્ટમાં રેતી ચોરી કરતા તત્વો સામે ખાણ ખનીજ વિભાગે કાર્યવાહી હાથ ધરી હતી. અહીં ખાણ ખનીજ વિભાગની ટીમે ૩ લોડર અને ૨ ડમ્પર મળી કુલ ૪૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.અમરેલીમાં રોયલટી ઈન્સ્પેકટર કે.એમ. સોલંકીએ જણાવ્યું હતું કે જિલ્લા કલેકટર અને ભૂસ્તરશાસ્ત્રીની સૂચનાથી ખાણ ખનીજ વિભાગની ટીમે રાત્રીના સમયે ગોખરવાળા નજીક શેત્રુંજી નદીના પટ્ટમાં રેઈડ કરી હતી.અહીં ગેરકાયદેસર રીતે રેતી ચોરી કરનાર સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. અહીંથી ખાણ ખનીજ વિભાગની ટીમે ૩ લોડર અને ૨ ડમ્પરમાં રેતી ચોરી ઝડપી લીધી હતી.

# રાજુલામાં વિદ્યાર્થિની સાથે છરીની અણીએ વારંવાર દુષ્કર્મ આચર્યું

અમરેલીઃ
રાજુલામાં ૨૫ વર્ષિય વિદ્યાર્થીની સાથે એક શખ્સે છરીની અણીએ વારંવાર દુષ્કર્મ આચર્યું હતું. તેમજ બિભત્સ ફોટા પણ વાયરલ કર્યા હતા. આ ઉપરાંત ૮૦ હજાર પડાવી લીધા બાદ પણ વધુ ૨૦ લાખની માંગણી કરી હતી. આ અંગ રાજુલા પોલીસ મથકમાં ગુનો નોંધાતા ચકચાર મસી હતી.

રાજુલાની ૨૫ વર્ષિય વિદ્યાર્થીનીએ અહીંના રાકેશ લાખાભાઈ કાતરીયા સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે રાકેશે વિદ્યાર્થીનીને સોશ્યલ મીડિયામાં ફોલો કરી તેની માહિતી મેળવી લીધી હતી. તેમજ વિદ્યાર્થીની રાજકોટ ખાતે અભ્યાસ કરી ૨૦૨૧માં રાજુલા પરત આવી હતી.તે દરમિયાન રાકેશે વિદ્યાર્થીનીને ઘરે લઈ જઈ તેને છરી બતાવી દુષ્કર્મ આચર્યું હતું. તેમજ મુંઢ માર માર્યો હતો. આ ઉપરાંત રાજકોટમાં કોલેજ કાળ દરમિયાન પણ વિદ્યાર્થીનેને એક હોટલમાં લઈ જઈ દુષ્કર્મ આચર્યું હતું.આ ઉપરાંત બિભત્સ ફોટા વાયરલ



કરવાની ધમકી આપી વારંવાર દુષ્કર્મ આચર્યું હતું. તેમજ બિભત્સ ફોટા વાયરલ કરવાની ધમકી આપી રૂપિયા ૮૦,૦૦૦ મેળવી લીધા હતા. ત્યારબાદ પણ વધુ ૨૦ લાખની માંગણી કરી હતી. તેમજ સોશ્યલ મીડિયામાં વિદ્યાર્થીનીના બિભત્સ ફોટા વાયરલ કર્યા હતા.આ અંગે રાકેશ કાતરીયા સામે ગુનો નોંધાતા રાજુલા પોલીસ સ્ટેશનના પીઆઈ વી.એમ.કોલાદરા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# મા-બાપથી વિખુટા પડેલા બાળકનું માતા પિતા સાથે મિલન કરાવતી લીલીયા પોલીસ

અમરેલીઃ
અમરેલી જિલ્લાના લીલીયા વિસ્તારમાં એક સાત વર્ષનું બાળક પોતાના માતા પિતા સાથે લીલીયા ગામે આવેલ હતું. જે કોઈ કારણોસર આ બાળક પોતાના માતા પિતાથી લીલીયામાં વિખૂટું પડી ગયેલ હતું. આ વિખુટા પડેલાં બાળક અંગે લીલીયા પોલીસને જાણકારી મળતાં સ્થાનિક પોલીસે બાળકને શોધી કાઢેલ ત્યારે કોઈ કારણોસર આ બાળકના માથાના ભાગે ઈજા થયેલ હોવાથી પ્રથમ સ્થાનિક લીલીયા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એમ.ડી.સાલૂંકેની સુચનાથી સર્વલેન્સ ટીમના ઈન્ચાર્જ ભુજબલદાન ગઢવી તથા હોમગાર્ડ સુરેશ કુકવાએ આ બાળકને સારવાર માટે હોસ્પિટલ ખાતે લઈ જઈ સારવાર કરાવી હતી. બાદમાં આ બાળક પાસેથી તેમનાં માતા



પીતાંનું નામ અને સરનામું જાણેલ હતું. અને બાદમાં લીલીયા નજીક આવેલ ગોઢાવદર ગામે બાળકના પિતા વિનુભાઈ વશરામભાઈ ભુવાના ખેતર રહેતા હોય ત્યાં પોલીસે રૂબરૂ બાળકને ગોઢાવદર ગામની સીમમાં જઈ તેમનાં પીતાં સાથે સુખદ મિલન કરાવતા થોડીવાર માટે વાતાવરણ ભાવુક બની ગયેલ હતું. અને બાળકના માતા પિતા દ્વારા લીલીયા પોલીસનો આભાર પણ માનવામાં આવેલ હતો.

# રાજકોટા સમર્પણ યંગ ગ્રુપ દ્વારા ગરીબ પરિવારોને મમરાના લાડુનું વિતરણ

રાજકોટ,
રાજકોટ સમર્પણ યંગ ગ્રુપ સંત કબીર રોડ દ્વારા મકરસંક્રાંતિ નિમિત્તે જૂના માર્કેટયાર્ડ પાછળના ૫ ગરીબ વિસ્તારોના જરૂરિયાતમંદ પરિવારોને ૬૦૦ કિલો મમરાના લાડવાનું વિતરણ કરવામાં આવેલ હતુ.કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ વિનોદ ચોટલિયા .મંત્રી કિશોર રાઘવાણી .ટ્રસ્ટી કુણાલ સંચાણિયા સભ્યો




સાગર પીપળીયા વિવેક મેવાડા હિરેન મેવાડા ઉત્તમ સીણોજીયા વિવેક રાઘવાણી ધ્રુવ રાઘવાનણી ચેતન ઉઘાડ વગેરેએ જહેમતઉઠાવી હતી .સમર્પણ ગ્રુપના આ કાર્યને લાભાર્થીઓએ આવકાર્યું હતું.

**Bandhan Bank** | રીજનલ ઑફિસઃ નેતાજી માર્ગ, મીઠાખળી છ રસ્તા પાસે, એલિસબ્રિજ, અમદાવાદ-૬. ફોનઃ ૯૧-૭૯-૨૬૪૨૧૬૭૧-૭૫

**સાંકેતિક કબજા અંગેની નોટિસ**

ધ સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઑફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩(૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાઓ, કે જેનો અર્થ ધ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ માં આપવામાં આવ્યો છે, તે સત્તાઓનો ઉપયોગ કરતાં નોટિસ આપવામાં આવે છે કે, અધિકૃત અધિકારીએ, અહીં જણાવેલાં ખાતાંનાં દેવાદારોને ડિમાન્ડ નોટિસ પાઠવી હતી અને તેમાં તે નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર, રકમ ભરપાઈ કરી દેવા માટે જણાવ્યું હતું. દેવાદાર આ રકમ ભરવામાં નિષ્ફળ ગયા હોવાથી, દેવાદાર અને જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર વ્યક્તિએ,ઉપરોક્ત ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૪) જેનો અર્થ ઉપરોક્ત ધારામાં નિયમ ૮ માં આપવામાં આવ્યો છે–તે મુજબ તે વ્યક્તિ (નીચે સહી કરનાર) ને મળેલી સત્તાનો ઉપયોગ કરીને, તેણે અહીં નીચે જે મિલકતનું વર્ણન આપવામાં આવ્યું છે, તે મિલકતનો સાંકેતિક કબ્જો લઈ લીધો છે. આથી, ખાસ કરીને દેવાદાર અને જાહેર જનતાને ચેતવવામાં આવે છે કે તે મિલકત અંગે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં અને છતાં જો તે મિલકત અંગે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે અંગેની રકમ, વ્યાજ, ખર્ચ અને શુલ્ક બાબતે, બેંકને આધીન રહેશે. સિક્યોર્ડ એસેટ રીડીમ કરવા/પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભે કાયદાની કલમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈઓ તરફ કરજદાર/ગીરો મૂકનારનું ધ્યાન દોરવામાં આવે છે.

| દેવાદારનું નામ, ગેરન્ટર અને લોન ખાતા નં. | મોર્ટગેજ મિલકતનું વર્ણન (સિક્યોર્ડ એસેટ) | ડિમાન્ડ નોટિસની તારીખ | સાંકેતિક કબજા અંગેની નોટિસની તારીખ | ડિમાન્ડ નોટિસની તારીખ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|
| સોનલબેન નુરદીનભાઈ લાખાણી શ્રી રમજાન અમીરાલી કુર્લાવાલા ૨૦૦૦૨૧૩૦૦૦૧૩૯૬ | તમામ ચલ અને અચલ સંપત્તિ, જમીન વિસ્તાર ૫૭.૪૦ ચો.મી. જમીન વિસ્તારને આવરી લેતું રો હાઉસ, ફાઈનલ પ્લોટ નં. ૧૩૯ પૈકી ઉત્તર બાજુ, રેવન્યુ સર્વે નં. ૬૦૬ પૈકી, શહેરઃ બોટાદ, તાલુકોઃ બોટાદ, જિલ્લોઃ રાજકોટ. ગુજરાત સ્થિત છે અને જે આવરિત છેઃ ઉત્તરઃ જોડાયેલ પ્લોટ નં. ૧૪૦, પૂર્વઃ જોડાયેલ પ્લોટ નં. ૧૭૫, પશ્ચિમઃ ૬.૦૦ મીટર રોડ, દક્ષિણઃ પ્લોટ જમીન મુજબ | ઓગસ્ટ ૨૬, ૨૦૨૫ | જાન્યુઆરી ૧૨, ૨૦૨૬ | રૂ. ૮,૮૧,૯૪૮.૪૬ (ઓગસ્ટ ૧૨, ૨૦૨૫ ના રોજ) |

સ્થળઃ રાજકોટ
તારીખઃ જાન્યુઆરી ૧૮, ૨૦૨૬

અધિકૃત અધિકારી
બંધન બેંક લિમિટેડ

સૌરાષ્ટ્ર આજતક

Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.

સૌરાષ્ટ્ર આજતક

## મહારાષ્ટ્ર નાગરિક ચૂંટણીમાં ભાજપનો વધુ એક વિજય, પ્રભુત્વ

દેશમાં સૌથી વધુ બજેટ ધરાવતી મ્યુનિસિપલ સંસ્થા, બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન પર પ્રભુત્વ ધરાવતું ભાજપ અને એકનાથ શિંદેની શિવસેનાએ મહારાષ્ટ્રની મોટાભાગની અન્ય મ્યુનિસિપલ સંસ્થાઓમાં ચૂંટણી જીતી હતી, જેના કારણે રાષ્ટ્રીય ધ્યાન ખેંચાયું હતું કારણ કે આ ચૂંટણીઓને મીની વિધાનસભા ચૂંટણીઓ તરીકે વર્ણવવામાં આવી હતી.

## સોમનાથ પ્રભાસપાટણ ખાતે માંધાતા દેવનો પ્રાગટય મહોત્સવ ઉજવાયો



વેરાવળ,
મકરસંક્રાતના પાવન પર્વ કોળી સમાજના ઈષ્ટદેવ માધાતા મહારાજની જન્મ જયંતી પ્રસંગે કોળી સમાજ દ્વારા પ્રભાસ પાટણ ખાતે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવેલ શાંતિનગરના સિદ્ધેશ્વર મહાદેવ મંદિરથી વાજતે ગાજતે માંધાતા ભગવાન ના જથધોસ સાથે મોટા કોળી વાળા. દરજી વાળા. રામરાખ ચોક .ભરડાપોળ થઈ રામદેવપીર ડેરીએ ધ્વજારોહણ કર્યું હતું અને વેગડા ભીલ સ્થાનકે ધ્વજારોહણ કર્યું હતું.શોભાયાત્રા ના માર્ગમાં ઠેર ઠેર તા પાણી અને ઠંડા પીણા ના પરબોની સેવા ખડે પગે રહી હતી અને શોભાયાત્રા ના માર્ગને ઠેર ઠેર આજના પ્રસંગે શણગાર કરવામાં આવેલ હતો માધાતા ગ્રુપ આયોજિત આ કાર્યક્રમમાં કોળી સમાજના પ્રમુખ દિનેશભાઈ બામણીયા. .માંધાતા પ્રમુખશ્રી હિતેશભાઈ બારીયા ,ઉપપ્રમુખ કેતનભાઇ પરમાર ,કોળી સેનાના પ્રમુખ દેવેન્દ્ર સોલંકી,ભિડીયા કોળી સમાજના ઉપર પ્રમુખ લક્ષ્મીકાંતભાઈ સોલંકી ,તળપદા કોળી સમાજના પ્રમુખ સંદીપભાઈ ડાભી જહેમત ઉઠાવી હતી.

## વેરાવળની આદિત્ય બિરલા સ્કૂલમાં સાયબરક્રાઇમજાગૃતિકાર્યક્રમયોજાયો



મિતેશ પરમાર,વેરાવળ,
વેરાવળની આદિત્ય બિરલા સ્કૂલ ખાતે સાયબર જાગૃતિ લાવવા અંગે સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા પ્રોગ્રામ યોજાયેલ હતો. જુનાગઢ રેન્જ આઇ.જી.પી. નિલેશ જાજડીયા, જિલ્લા પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજા દ્વારા જિલ્લામાં સાયબર ક્રાઈમ ડામવા સુચના આપેલ જે અનુસંધાને સાયબર ક્રાઈમના પો.ઈન્સ. એસ.વી. રાજપુત ની રાહબરી હેઠળ કર્મચારીઓ દ્વારા આદિત્ય બિરલા સ્કૂલ ખાતે વિદ્યાર્થીઓને 'ઈુબયિ ઈશિળય ઊફયિક્ષયતત' પ્રોગ્રામ દ્વારા વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમ શુ છે ? ફ્રોડ થયે શુ કરવું અને શુ ના કરવુ, ખોટી ઓળખ આપીને થતી છેતરપીંડી, ખાસ કરીને ઇન્વેસ્ટમેન્ટ ફ્રોડ વિશેની ખાસ જાણકારી જેમાં ટેલિગ્રામ, વોટસઅપ ના માધ્યમથી કોઈપણ જગ્યાએ રોકાણ કરવું નહીં એ અંગે ખાસ માર્ગદર્શન આપવામાં આવેલ.

## સોમનાથ મંદિરમાં હેમંત જોશીએ શૌર્ય ગાથા અને લોકગીત રજૂ કર્યા



વેરાવળ,
'સોમનાથ સ્વાભિમાન પર્વ' અંતર્ગત સોમનાથ મંદિર પરિસરમાં દૈનિક સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાઈ રહ્યાં છે. જે અંતર્ગત હેમંત જોશીના લાઈવ કોન્સર્ટમાં શ્રદ્ધાળુઓનો થનગનાટ જોવા મળ્યો હતો. ગણપતિ વંદના થી શરૂ કરી અને હેમંત જોષીએ 'હનુમાન ચાલીસા', 'આઈગીરી નંદનીની. 'શ્રીરામ જય રામ. 'અગડ બમ બબમ. સહિતના ફ્યૂઝન સ્ટાઈલમાં ભજનો રજૂ કરી અને શ્રદ્ધાળુઓનો થીરકવા મજબૂર કર્યા હતાં.ફ્યૂઝન ઉપરાંત હેમંત જોશીએ સરહદોની રક્ષા કરતા ભારતમાતાના વીર સૈનિકોને યાદ કરી અને 'તેરી મીટ્ટી મે મીલ જાવા..', 'દેશ મેરે તેરી શાન પે સદકે...' સહિતના વીરરસથી ભરેલા ગીતો પણ રજૂ કર્યા હતાં. કાર્યક્રમના પ્રારંભે ભવ્યરાજસિંહ રાજપૂત દ્વારા વીર હમીરજી ગોહિલની શૌર્ય ગાથાની પ્રસ્તુતિ રજૂ કરવામાં આવી હતી. સંત-શૂરા અને દાતારની આ સોરઠભૂમિ પર વીરોની શૌર્યગાથા યુવાઓ માટે પ્રેરણાદાયક બની રહી હતી.

# ભાલકા મંદિરમાં ભવ્ય પતંગ મહોત્સવ યોજાયો

સોમનાથઃ
ભાલકા મંદિરે કૃષ્ણ ભગવાન ના સાંનિધ્યમાં ભવ્ય પતંગ મહોત્સવ નું આયોજન કરાયેલ હતું જેમાં યાત્રીકો, સ્થાનીકોને વિના મુલ્યે પતંગ, દોરો,શેરડી,તલ મમરા ના લાડુ સહીત અનેક વસ્તુઓનું વિના મુલ્યે પ્રસાદી અપાયેલ હતી આ ભવ્ય પતંગ મહોત્સવ માં ફીલ્મ ટીવી સ્ટાર હેમાલી સેજપાલ સહીત અનેક આગેવાનો ઉપસ્થિત રહેલ હતા.

સોમનાથ ટ્રસ્ટ ના સહકાર દર વર્ષે ભાલકા મંદિરે કૃષ્ણ ભગવાન ના સાંનિધ્યમાં ભવ્ય પતંગ મહોત્સવ યોજાય છે જેમાં ગીર સોમનાથ મીડીયા સેન્ટર ડી.કે.ગ્રુપ ના દીપક કકકડે જણાવેલ હતું કે વિશાળ ગ્રાઉન્ડ માં હજારો યાત્રીકો, સ્થાનીકો ની ઉપસ્થિતીમાં ડીજે સાથે આ ભવ્ય પતંગ મહોત્સવ ઉજવાયેલ હતો જેમાં ફીલ્મ ટીવી સ્ટાર હેમાલી સેજપાલ ઉપસ્થિત રહેલ હતા તેમજ સોમનાથ ટ્રસ્ટ ના અજય દુબે,સુરૂભા જાડેજા,વિક્રૂમ શામળા,જીતપુરી ગૌસ્વામી સહીત સ્થાનીક અનેક આગેવાનો ઉપસ્થિત રહેલ હતા આ પ્રસંગે હેમાલી સેજપાલ નું ભવ્ય સન્માન કરાયેલ હતું ડીજે સાથે અનેક યાત્રીકો સ્થાનીકોએ ભવ્યરાસગરબા પણ લીધા હતા બાળકો તથા આવેલ તમામ યાત્રીકો સ્થાની કોને વિના મુલ્યે પતંગ,દોરો,ચીકી,તલ મમરા ના લાડુ શેરડી સહીતની અનેક વસ્તુઓ પ્રસાદી રૂપે આપવામાં આવેલ હતી.

પ્રભાસપાટણ ત્રીવેણી રોડ ઉપર પુજય ડોગરેજી મહારાજ અન્નક્ષેત્ર માં હેમાલી સેજપાલ નું સન્માન અશોકભાઈ પરમાર,ધનસુખભાઈ પીઠડ દ્વારા કરવામાં આવેલ હતું તેમજ બન્ને ટ્રસ્ટીઓ છેલ્લા ૫૩ વર્ષથી વિશ્વભર માંથી આવતા તમામ યાત્રીકો બાવાસાધુ ઓને વિના મુલ્યે ભોજન પ્રસાદી અપાય રહેલ છે તેની માહીતી અપાય રહેલ છે ૨૪ કલાક શુધ્ધ પાણી મળી રહે તે માટે વિશાળ આરઓ પ્લાન્ટ પણ કાર્યરત છે સોમપુરા બ્રહમસમાજ દ્વારા ત્રીવેણી નદી કાંઠે દરરોજ સાંજે ત્રીવેણી નદી ની આરતી નું આયોજન થાય છે તેમાં પણ ભકિતભેર હાજરી આપેલ હતી આરતી નો લાભ લીધેલ હતો સોમનાથ સ્વાભીમાન પર્વ ને ૧૦૦૦ પુર્ણ થતા મંદિર તથા પરીષર માં ભવ્ય શુસોભન તેમજ યોજાયેલ કાર્યક્રમ માં સહભાગી બનેલ હતા.

ભાલકા મંદિરે વર્ષોથી પતંગ મહોત્સવ ઉજવાય છે તેમાં મીલનભાઈ જોશી,રામભાઈ સોલંકી, વિપુલભાઈ રાજા,દીલીપ જશાભાઈ બારડ, અભય હીરાભાઈ જોટવા,ધનસુભાઈ પીઠડ, અશોકભાઈ પરમાર,વેજાનંદભાઈ વાળા, મીત રોહનભાઈ વૈધ, વેરાવળ મર્કન્ટાઈલ બેંક નો ખુબજ મોટો સહયોગ મળી રહેલ હતો

## ફીલ્મટીવી સ્ટાર હેમાલી સેજપાલ નું ભાલકા મંદિરે, ડોગરેજી મહાજન અન્નક્ષેત્ર ભવ્ય સન્માન કરાયું



# રાજકોટ જિલ્લામાં "વહાલી દીકરી" યોજનાનો લાભ પહોંચાડવા ખાસ ઝુંબેશ

## યોજનાની અરજી પ્રક્રિયા, સહાય રકમ અને જરૂરી દસ્તાવેજોની સંપૂર્ણ માહિતી

રાજકોટ,

રાજકોટ જિલ્લામાં વધુમાં વધુ દીકરીઓને "વહાલી દીકરી" યોજનાનો લાભ મળી રહે તે હેતુસર વિશેષ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું છે. આ માટે સંબંધિત વિસ્તારની મામલતદારશ્રીની કચેરી તેમજ ગ્રામ્ય / તાલુકા કક્ષાએ પાસેથી અરજીફોર્મ મેળવી શકાશે.

"વહાલી દીકરી" યોજના અંતર્ગત અરજદાર પોતે પણ વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરી શકશે. ગુજરાતમાં દીકરીઓના કલ્યાણ માટે સરકાર કટિબદ્ધ છે. આ કટિબદ્ધતાને સાર્થક કરવા, દીકરીઓના જન્મને પ્રોત્સાહન આપવા, સ્ત્રીભ્રૂણ હત્યા અટકાવવા, સ્ત્રી શિક્ષણના દરમાં વધારો કરવા, તેમજ સમાજમાં સ્ત્રીઓના સ્થાનને વધુ મજબૂત બનાવવા સહિતના ઉદ્દેશોને સિદ્ધ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૯થી "વહાલી દીકરી" યોજના અમલમાં મુકવામાં આવી છે.

"વહાલી દીકરી" યોજના અંતર્ગત લાભાર્થી દીકરીને કુલ રૂ. ૧,૧૦,૦૦૦/-ની સહાય ત્રણ હપ્તામાં આપવામાં આવે છે.પ્રથમ હપ્તો:દીકરીને પ્રથમ ધોરણમાં પ્રવેશ સમયે રૂ. ૪,૦૦૦/- સહાય મળવાપાત્ર રહેશે.

બીજો હપ્તો:દીકરીને નવમા ધોરણમાં પ્રવેશ સમયે રૂ. ૬,૦૦૦/- સહાય મળવાપાત્ર રહેશે.

ત્રીજો / છેલ્લો હપ્તો:દીકરી ૧૮ વર્ષની ઉંમરે પહોંચે ત્યારે ઉચ્ચ શિક્ષણ / લગ્ન સહાય તરીકે રૂ. ૧,૦૦,૦૦૦/-ની સહાય મળવાપાત્ર રહેશે. અરજી સાથે લાભાર્થી દીકરીનું જન્મ પ્રમાણપત્ર, લાભાર્થી દીકરીનું આધારકાર્ડ, માતા-પિતાનું લગ્ન નોંધણી પ્રમાણપત્ર, માતા-પિતાનું આધારકાર્ડ, રેશનકાર્ડ (લાભાર્થી દીકરીનું નામ રેશનકાર્ડમાં હોવું જરૂરી), નિયત નમૂના મુજબ સ્વ-ઘોષણા (ફોર્મ સાથે ઉપલબ્ધ છે), માતા-પિતા / એકલ માતા-પિતા/વાલીનું કુલ વાર્ષિક આવક પ્રમાણપત્ર, નિયત એકરારનામું, લાભાર્થી દીકરી અથવા માતા-પિતાના બેંક ખાતાની પાસબુકની નકલ સહિતના આધાર પુરાવા સાથે રજૂ કરવાના રહેશે. "વહાલી દીકરી" યોજના અંગે વધુ માહિતી માટે જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, રાજકોટ ખાતે નં. ૦૨૮૧ ૨૪૪૮૫૯૨ ઉપર સંપર્ક સાધી શકાશે તેમ જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી, રાજકોટ દ્વારા જણાવાયું છે.

# ગ્રામીણ ભારતની નવી ઓળખ: ડ્રોન ટેક્નોલોજીનાં સથવારે ગ્રામ્ય વિસ્તારની મહિલાઓ બની રહી છે આત્મનિર્ભર

## વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ ૨૦૨૬માં સ્ત્રીસશક્તિકરણની ઝાંખી



રાજકોટ,

વિકસિત ભારત-૨૦૪૭ના સંકલ્પને સાકાર કરતી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ-૨૦૨૬માં વિકાસ, રોકાણ અને નવીનતાની વિશેષ ઝાંખી જોવા મળી. વી.જી.આર.સી.માં દેવભૂમિ દ્વારકાથી આવેલા "ડ્રોન દીદી" શ્રી બંસરી હડિયલ પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમનાં ગામ તથા આસપાસનાં વિસ્તારમાં તેમને સૌ "ડ્રોન દીદી"નાં નામે જ ઓળખે છે.

આ પ્રસંગે સ્વાભાવિક રીતે એક પ્રશ્ન ઊભો થાય કે બંસરીબેનને "ડ્રોન દીદી" તરીકે શા માટે ઓળખવામાં આવે છે?

એક સમય હતો જ્યારે ખેતીકામ એટલે કલાકોની મહેનત....જ્યારે આજે એ જ ખેતીકામ મહિલાઓ ડ્રોનની મદદથી આંગળીનાં ટેરવે અને ગણતરીના સમયમાં પૂરું કરે છે. આ પરિવર્તનનું સશક્ત ઉદાહરણ છે "નમો ડ્રોન દીદી યોજના".

ભારત હવે વિકાસના નવા તબક્કામાં પ્રવેશી ચૂક્યું છે. સરકારની દૂરદર્શી વિચારધારા અને આધુનિક ટેકનોલોજીના મિશ્રણથી ગ્રામ્ય વિસ્તારોમાં પરિવર્તનની લહેર જોવા મળી રહી છે. ખેતીમાં સફળતા માટે મૂડીરોકાણ કે વિશાળ સાધનસામગ્રી હોવી જરૂરી નથી. સરકાર દ્વારા આપવામાં આવતી તાલીમ અને સાધનોના સહારે ગામડાંની બહેનો આજે આત્મનિર્ભર બની રહી છે.

"નમો ડ્રોન દીદી યોજના" અંતર્ગત તાલીમ લીધેલી મહિલાઓ ડ્રોનના માધ્યમથી દવાનો છંટકાવ કરી વર્ષે લાખોની આવક સાથે હવે "ડ્રોન દીદી" તરીકે ઓળખાય છે. બંસરીબેને "નમો ડ્રોન દીદી" યોજનાનો લાભ લીધો છે. જે અન્વયે તેઓ અમદાવાદ ખાતે યોજાયેલી ૧૫ દિવસની તાલીમમાં ડ્રોન પાયલોટની થિયરી અને પ્રેક્ટીકલ જ્ઞાન સાથે રીમોટથી ડ્રોન ઉડાવવાની રીત અંગે શીખ્યા હતા.

તેમણે જણાવ્યું હતું કે, "સરકાર દ્વારા યોજાયેલી તાલીમ અને વિનામૂલ્યે આપવામાં આવેલા ડ્રોન થકી હું આત્મનિર્ભર બની છું. ડ્રોન ટેકનોલોજીથી અમને તો ફાયદો થયો જ છે પરંતુ સાથે ખેડૂતોને પણ અનેક લાભ થાય છે, દવાનો છંટકાવ પંપને બદલે ડ્રોન વડે કરવામાં આવે તો સમય અને મહેનતનો બચાવ થાય છે. સાથોસાથ પાણી પણ બચાવી શકાય છે. ડ્રોન મળ્યા બાદ અમારી ઘણી પ્રગતિ થઈ છે. મારા જેવી બીજી અનેક મહિલાઓ પણ પગભર થઈ છે. જે બદલ હું રાજ્ય સરકારનો અને મોદી સાહેબનો આભાર માનું છું." વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ-૨૦૨૬ના મંચ પર જયારે બંસરીબેન જેવા "ડ્રોન દીદી"ઓ પોતાની સફળતાની કહાણી રજૂ કરે છે, ત્યારે એ સ્પષ્ટ થાય છે કે સરકારની નીતિઓ અને ટેકનોલોજી આધારિત યોજનાઓ ગામડાંઓ સુધી પહોંચી મહિલાઓના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવી રહી છે. "ડ્રોન દીદી" આજના ગ્રામીણ ભારતની નવી ઓળખ બની છે.

**ખાસ લેખ - રાધિકા,હેમાલી**

# ઉનાના શિક્ષિકા જ્યોત્સના બેનનું ચિત્રકુટ એવોર્ડથી સન્માન



ઊના:

ઊના શહેર મા પી. એમ. શ્રી, પ્રાથમિક કુમાર શાળા નબર ૧ ઉપ શિક્ષક તરીકે ફરજ બજાવતા જ્યોત્સના બેન નાથાભાઈ પટોળિયા નું તાજેતર માં ભાવનગર જીલ્લા ના મહુવા તાલુકાના તલ ગાજરડા ગામે સુપ્રસિદ્ધ રામાયણ કાર પૂ. મોરારી બાપુ દ્વારા ચિત્રકુટ એવોર્ડ ૨૬ સમારોહ યોજાયો હતો જેમાં ગુજરાત ભરમાંથી ૩૪ શિક્ષકો નું ચિત્ર કૂટ એવોર્ડ થી સન્માન કરવામાં આવ્યું હતું.

આ સમારોહ માં પૂજ્ય મોરારી બાપુ,ગુજરાત સરકાર ના કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી, ધારાસભ્ય શીવાભાઈ ગોહિલ, સીતારામ બાપુ, શિક્ષક સંઘ ના પ્રમુખ દિગ્વિજય સિંહ જાડેજા, ઊના તાલુકા શિક્ષક સંઘ ના પ્રમુખ કિશોર ભાઈ ચારણીયા વિગેરે આગેવાનો ની હાજરી આપી હતી પૂજ્ય મોરારી બાપુ, સીતારામ બાપુ, જીતુભાઈ વાઘાણી હસ્તે ઊના ના શિક્ષિકા જ્યોત્સના બેન નાથાભાઈ પટોળિયા ને ચિત્રકુટ એવોર્ડ, સન્માન પત્ર અને રૂપિયા ૨૫૦૦૦/નો ચેક અને શાલ ઓઢાડી સન્માન કર્યું હતું.

# એ.આર.ટી.ઓ. કચેરી ખાતે અનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ પર પ્રતિબંધ

## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીનું જાહેરનામુ: હુકમ ઉલ્લંઘન કરનાર સામે કાનૂની કાર્યવાહી થશે



અમરેલી:

અમરેલી સ્થિત સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી ખાતે વ્યાજબી કામ સિવાય આવેલા તમામ અન અધિકૃત ઈસમ કે ઈસમોની ટોળી, જાહેર જનતા, અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃત્તિ કરી રહેલા ઈસમોના પ્રવેશ પર પ્રતિબંધ ફરવામતું જાહેરનામું અમરેલી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી દ્વારા બહાર પાડવામાં આવ્યું છે.

આ હુકમ ભંગ કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ની જોગવાઈઓ હેઠળ કાનૂની કાર્યવાહી થશે તથા તે સજાપાત્ર ઠરશે.

આ હુકમ અન્વયે ફરજ પરના સહાયક મોટર વાહન નિરીક્ષક (વર્ગ-૩) કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવતા એ.આર.ટી.ઓ. કચેરીના કર્મચારી તથા જિલ્લાના કોઈ પણ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના અમરેલી જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમ સામે ફરિયાદ માંડવા માટે અધિકૃત્ત કરવામાં આવે છે. આ હુકમ તા.૦૯ માર્ચ, ૨૦૨૬ સુધી અમલી રહેશે.

## "વિકાસના પંથે અમરેલીનું જીથુડી"

# કુંકાવાવ તાલુકાના જીથુડી મુકામે ગ્રામવિકાસને વેગ આપતા વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત



અમરેલી:

ઉર્જા રાજ્ય મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે કુકાવાવ તાલુકાના જીથુડી મુકામે આશરે રૂપિયા ૨૬ લાખના ખર્ચે થનારા વિવિધ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જીથુડી ગામના સર્વાંગી વિકાસને વેગ આપતા આ વિકાસકાર્યોમાં મંદિર પાસે બ્લોક રોડ, સીસી રોડ, કોઝવે પાઈપલાઈન સહિતના મહત્વપૂર્ણ કામોનો સમાવેશ થાય છે.

આ કાર્યો પૂર્ણ થતાં ગામના નાગરિકોને સુવિધાજનક આવાગમન તેમજ માળખાકીય સુવિધાઓમાં નોંધપાત્ર સુધારો થશે.આ પ્રસંગે રાજ્ય મંત્રી શ્રી કૌશિકભાઇ વેકરીયાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર ગ્રામ્ય વિસ્તારોના વિકાસ માટે સતત પ્રતિબદ્ધ છે. અમરેલી જિલ્લાનો સર્વાંગી અને અવિરત વિકાસ સરકારની પ્રાથમિકતા છે અને ગામડાઓ સુધી વિકાસની સુવિધાઓ પહોંચે તે માટે સરકાર સતત પ્રયાસશીલ છે.

તેમણે ઉમેર્યું હતું કે, આવા વિકાસકાર્યો થકી ગ્રામ્ય જીવનમાં સુખાકારી વધશે તથા લોકોના દૈનિક જીવનમાં સકારાત્મક પરિવર્તન આવશે. આ કાર્યક્રમમાં સ્થાનિક આગેવાનો, ગ્રામ પંચાયતના પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ ગ્રામ્યમાં રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ-૨૦૨૬ની ઉજવણી

## ઇ-ચલણના દંડની રકમ વાહનચાલકો ઓનલાઈન પણ ભરી શકશે

રાજકોટ,

રાજકોટ જિલ્લામાં રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ-૨૦૨૬ની ઉજવણી કરવામાં આવી રહી છે. આ મહિને નાગરિકોને માર્ગ સલામતી નિયમોનું પાલન કરવા માટે પ્રોત્સાહિત કરવા વિવિધ કાર્યક્રમો અને જાગૃતિ અભિયાનો હાથ ધરવામાં આવી રહ્યા છે.

જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા તમામ વાહનચાલકોને ટ્રાફિક નિયમોનું કડક પાલન કરવા અને સુરક્ષિત ડ્રાઈવિંગ કરવા અનુરોધ કરવામાં આવે છે. ટ્રાફિક નિયમોના ભંગ બદલ ઈશ્યુ થયેલા ઈ-ચલણના દંડની રકમ હવે સીધા એપ્લિકેશન મારફતે ભરાઈ શકે છે.

"રાહ- વીર યોજના" અંતર્ગત માર્ગ અકસ્માતમાં ઘાયલ વ્યક્તિને ૧ કલાકમાં સારવાર માટે હોસ્પિટલ પહોંચાડનાર વ્યક્તિને રૂ. ૨૫,૦૦૦/- રોકડ પુરસ્કાર અને સન્માનપત્ર આપવામાં આવશે. સહાય કરવા માટે કોઈ કાનૂની પ્રશ્નો નહીં થાય અને પોલીસ તરફથી કાયદાકીય રક્ષણ આપવામાં આવશે. રાજકોટ જિલ્લા ટ્રાફિક શાખા દ્વારા નાગરિકોને જણાવવામાં આવે છે કે, વાહન ચલાવતા સમયે મોબાઈલ ફોનનો ઉપયોગ ન કરો. સીટ બેલ્ટ ફરજીયાત પહેરો.મોટરસાઈકલ ચલાવતા વખતે હેલ્મેટ અવશ્ય પહેરો,ઝડપી ગતિમાં વાહન ચલાવશો નહીં. ટ્રાફિકના તમામ નિયમોનું પાલન અનિવાર્ય છે.

# લીલીયામાં પત્રકારોને વેચાણીયા અને નેતાઓને નમાલા કહેતા બોર્ડને લઈ પત્રકારોએ પોલીસને આવેદનપત્ર પાઠવ્યું

## લીલીયા પોલીસ સ્ટેશનના પી. આઇ. ને મળી કડકમાં કડક કાર્યવાહી કરવા રજૂઆત

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:

લીલીયા શહેરની મેઈન બજારમાં જાહેર બોર્ડ પર કોઈ અજાણ્યા ઈસમ દ્વારા પત્રકારો અને નેતાઓ વિશે અશોભનીય ભાષામાં પત્રકારોને બદનામ કરવાના હેતુસર જાણી જોઈને અપમાનજનક લખાણ કરેલ બોર્ડ જાહેર જગ્યા પર મૂકવામાં આવેલ હોય જે બોર્ડની પોસ્ટ સોશ્યલ મીડિયાના માધ્યમથી વાયરલ થતા લીલીયાના પત્રકારોમાં ખૂબ નિરાશા સાથે પત્રકારોમાં વ્યાપક રોષ જોવા મળેલ હતો. ત્યારે આવા જાહેર સ્થળ પર લખવામાં આવેલ આ બોર્ડના લખાણમાં નમાલા કાર્યકર્તાઓ તથા વેચાણીયા પત્રકારો જેવી અશોભનિય અને અપમાનજનક ભાષાનો ઉપયોગ કરવામાં આવતા પત્રકાર સમુદાયની લાગણીને ગંભીર ઠેસ પહોંચી છે. લીલીયાના પત્રકારો હંમેશા લીલીયાની જનતાનો અવાજ બની અને સરકાર સુધી અખબારી અહેવાલો લખી રજૂઆત કરતા હોય છે. ત્યારે વેચાણીયા પત્રકારો તરીકે બોર્ડ લખનાર ઈસમો સામે કાયદેસર અને કડક માં કડક પગલાં ભરવા જોઈ તેવી માંગ સાથે લીલીયા પોલીસ સ્ટેશનના પી.આઈ એમ.ડી સાળુંકેને મળી આવેદનપત્ર આપવામાં આવેલ હતું. આવા ઈસમો સામે ધોરણસર કાર્યવાહી કરવાની પણ આવેદનપત્રમાં માંગ કરવામાં આવેલ છે. લીલીયાના પત્રકારો લોકોની વેદનાને કાયમી વાંચા આપવા માટે પોતાના ધંધા રોજગાર છોડી અને લોક સમસ્યા સરકાર સુધી અથવા જે તે વિભાગ સુધી પહોંચે તેવા પ્રયત્નો કરતા હોય. ત્યારે પત્રકારોનું મનોબળ ભાંગવા જેવી વાતો જાહેર બોર્ડ પર લખાતા લીલીયાના પત્રકારોનું મોરર ડાઉન કરનાર કોઈપણ વ્યક્તિ હોય તેમની સામે કડક કાર્યવાહી થવી જોઈએ તેવી તમામ પત્રકારરોએ પોલીસ પાસે અપેક્ષા રાખેલ છે. આ તકે લીલીયાના સ્થાનિક પત્રકાર મનોજભાઈ જોષી, હાર્દિક દવે, મહેશભાઈ દવે, દીપક ભટ્ટ, અનિલ વાળા, એસ.કે.સૈયદ, ભરતભાઈ વિંઝુડા, અજય વિરાણી, ઈમરાન પઠાણ સહિતના સ્થાનિક પત્રકારો ઉપસ્થિત રહેલ હતાં.

# વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં તેલબીજ ક્ષેત્રને નવી દિશા

## Agri Value: The Oilseed Opprotunity' સેમિનારમાં રૂ. ૧૯૪.૯૮ કરોડના એમઓયુ થયા



રાજકોટ:

મારવાડી યુનિવર્સિટી, રાજકોટ ખાતે તા. ૧૧/૦૧/૨૦૨૬થી તા. ૧૫/૦૧/૨૦૨૬ દરમિયાન આયોજિત વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ—સૌરાષ્ટ્ર કચ્છ અંતર્ગત તા. ૧૧/૦૧/૨૦૨૬ના રોજ "Agri Value: The Oilseed Opprotunity" વિષય પર મહત્વપૂર્ણ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મેસર્સ બોમ્બે સુપર હેબ્રિડ સીડસ લિમિટેડ દ્વારા રૂ. ૧૦૦ કરોડ, મેસર્સ એડવીક એગવેન્ચર પ્રા.લિ. દ્વારા રૂ. ૯૦ કરોડ તથા મેસર્સ ધરતી એગ્રી એક્સપોર્ટ દ્વારા રૂ. ૪.૯૮ કરોડના એમ કુલ રૂ. ૧૯૪.૯૮ કરોડના ૩ સમજૂતી કરારો કરાયા હતા.

સેમિનારમાં ઇન્ડિયન ઓઇલસીડ્સ એન્ડ પ્રોડ્યુસ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના ચેરમેન શ્રી ઋતુપર્ણા ડોલે, ICAR-IIGR ડિરેક્ટર ડો. સંદીપ બેરા, અન્વેશનના સ્થાપક અને સીઈઓ શ્રી કુલદીપ પરેવા, આર્જેટીનાઇન એડિબલ ઓઈલ એસોસિએશન એન્ડ ગ્રેઈન એક્સપોર્ટર્સના શ્રી ગસ્તાવો ઈડીગોરસ દ્વારા દ્વારા ગુજરાતમાં તેલબીજ ક્ષેત્રના વિકાસ, મૂલ્યવર્ધન, નિકાસ ક્ષમતામાં વધારો તથા ખેડૂત આવક વધારવાની દિશામાં મહત્વપૂર્ણ માહિતી આપવામાં આવી હતી. આ સેમિનારમાં કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરીશ્રી આર.સી. મીણા, કોપરેટિવ સોસાયટીના રજિસ્ટ્રાર શ્રી એમ.પી. પંડ્યા, ખેતી નિયામક શ્રી આર.પી. રજપૂત, આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી એસ.કે. જોશી, અધિક ખેતી નિયામક એન.એમ. શુક્લા સહિત અન્ય અધિકારીશ્રીઓ, વિવિધ ઉદ્યોગોના પ્રતિનિધિઓ તથા પ્રગતિશીલ ખેડૂતોએ હાજરી આપી હતી.

# મીટરગેજ ટ્રેનના ટાઈમમાં ફેરફાર કરી દેલવાડા જુનાગઢ ડાયરેક્ટ ટ્રેન રદ કરાતા રેલ રોકો આંદોલનની ચીમકી

## ઊના પંથકમાં બ્રોડગેજ શરૂ કરવાની વાત એક બાજુ રહી પણ એક માત્ર મીટર ગેજ દેલવાડા જુનાગઢ હેરિટેજ ટ્રેન બંધ કરી જનતા સાથે હળાહળતો અન્યાય

ઊના:

ઉના તાલુકા ના દેલવાડા થી ઈસ્વીસન૧૯૩૪/૩૫ માં રાજાશાહી વખત થી ચાલતી મીટર ગેજ ટ્રેન ના ટાઈમ માં અણઘડત ફેરફાર કરી જૂનાગઢ ની ડાયરેક્ટ ટ્રેન રદ કરવાનો તેમજ દેલવાડા વેરાવળ ટ્રેન નો સમય સવારે ૮ કલાક ના બદલે બપોરે ૧ વાગ્યા નું કરવાનું પરિપત્ર તા.૧૪ જાન્યુઆરી ના રોજ રજૂ થતાં દેલવાડા રેલવે સ્ટેશન ખાતે વિરોધ નોંધવામાં આવ્યો ઉપર જણાવ્યા મુજબ ની બે મુખ્ય ટ્રેનો જેમાંથી પ્રથમ દેલવાડા વેરાવળ ટ્રેન નં.૫૨૯૫૦ નો ટાઈમ સવાર ના ૮ કલાક ના બદલે બપોરે ૧ વાગ્યા નું કરવામાં આવેલ છે. તેમજ બીજી ટ્રેન દેલવાડા જૂનાગઢ ટ્રેન નં.૫૨૯૫૧ જે વર્ષો થી ડાયરેક્ટ જુનાગઢ સુધી ચાલતી હતી તે ટ્રેન ને દેલવાડા થી રદ કરી તાલાલા વેરાવળ જુનાગઢ ક્રોસિંગ આપી ને અણઘડત નિર્ણય કરેલ છે જેથી ઊના તાલુકા દેલવાડા સહિત આસપાસ ના ૨૫ થી વધુ ગામો ના યાત્રિકો અને જિલ્લા મથક વેરાવળ ખાતે સવારે સરકારી કામો માટે જતા લોકો અને આવા મોંઘવારી ના દિવસો માં બસ મારફતે વેરાવળ જવું હોય તો રૂપિયા ૧૩૫ થી ૧૬૦ ખર્ચી ને હોસ્પિટલમાં જતા ગરીબ મધ્યમ વર્ગ ના દર્દીઓ ને ખુબજ અગવડતા અને મુશ્કેલીઓ ઊભી થશે તેમજ ઉના ગીર ગઢડા ખાતે અભ્યાસ અર્થે જતા વિધાર્થીઓ કે જે સવાર ની ટ્રેન માં જઈ ત્યાંથી રિટર્ન સાંજ ની ટ્રેન માં પરત ફરતા હતા તેઓને પણ અભ્યાસ કરવા જવા માટે જવું ખુબજ હેરાનગતિ થશે તેવું સાફ દેખાઈ રહ્યું છે જેથી દેલવાડા ની વિવિધ સંસ્થા જેમ કે ચેમ્બર ઓફ કોમર્સ ના પ્રમુખ ની સાથે વેપારી મંડળ, દેલવાડા મુસ્લિમ સમાજ ના પ્રમુખ - ઉપ પ્રમુખ ની સાથે આગેવાનો, ઉના તાલુકા પંચાયત ના સદસ્ય દેવશીભાઈ મકવાણા, પૂર્વ પ્રદેશ યુવા મંત્રી વિજયભાઈ બાંભણિયા તેમજ દેલવાડા ગ્રામ પંચાયતે રેલવે મંત્રીશ્રી અશ્વિની વૈષ્ણવ ને સૂચિત દેલવાડા રેલવે સ્ટેશન માસ્તર ને લેખિત આવેદન પત્ર આપી વિરોધ નોંધાયેલ જેમાં જણાવ્યા મુજબ જો આ બંને ટ્રેનો ને રાબેતામુજબ ચલાવવામાં નહીં આવે તો તા.૧૯ ને સોમવાર ના રોજ નવા પરિપત્ર મુજબ પ્રથમ રવાના થતી દેલવાડા વેરાવળ ટ્રેન ને દેલવાડા સહિત આસપાસ ના યાત્રીઓ રેલ રોકો આંદોલન કરશે તેવી ગંભીર ચીમકી ઉચ્ચારવામાં આવેલ છે. તેમજ આગમી દિવસો માં જૂનાગઢ મહા શિવરાત્રિ નો મેળો આવતો હોય ઊના ગીર ગઢડા તાલુકાના લોકો ને જૂનાગઢ જવા ટ્રેન નહી મળે પહેલા ટ્રેન માં ઓછા કોચ હોવાથી લોકો ડબ્બા ઉપર ચડી જૂનાગઢ જતા હતા હવે તલાલા થી વેરાવળ જુનાગઢ ટ્રેન માં કેવી રીતે ચડી શકશે તો જૂનાગઢ ના સાંસદ અને ઊના, કોડીનાર, તલાલા ના ધારાસભ્ય પણ મહેનત કરી દેલવાડા જુનાગઢ સીધી ટ્રેન તેમજ દેલવાડા વેરાવળ ટ્રેન નો હાલ જે સમય છે તે રાખવા લોક માંગણી ઉઠી છે.



# જસદણના કાનપર ગામે બાળા પર દુષ્કર્મ આચરનાર નરાધમને ફાંસીની સજા

## કોર્ટનો માત્ર ૪૩ દિવસમાં ઐતિહાસિક ચૂકાદો :બાળકીને ૭ લાખ વળતર ચૂકવવા પણ આદેશ



રાજકોટ,
જસદણ તાલુકાના કાનપર ગામની સીમમાં શ્રમિક પરિવારની સાત વર્ષની માસુમ બાળકી ઉપર દુષ્કર્મનો પ્રયાસ આચરી ગુપ્તાંગમાં સળીયો ભોંકી અમાનુષી કૃત્ય આચરનાર આરોપીને રાજકોટની સ્પેશિયયલ કોર્ટે ફાંસીની સજા ફટકારી ભોગ બનનાર બાળકીને રૂા.૭ લાખનું વળતર ચુકવવા હુકમ કર્યો હતો.દેશભરમાં ભારતીય ન્યાય સંહીતાનો અમલ થયા બાદ રાજકોટમાં નવા કાયદા મુજબ ફાંસીની આ પ્રથમ સજા સંભળાવાઇ છે. સ્પેશીયલ કોર્ટે આ કેસને રેરેસ્ટ ઓફ રેર કેસ ગણીને આરોપીને ફાંસીની સજા સંભળાવી છે.

કાનપર ગામે ગત તા.૪ ડિસેમ્બરના રોજ બનેલી આ ઘટનામાં પોલીસે ચાર દિવસમાં જ આરોપીને ઝડપી લીધો હતો અને ૧૧ દિવસમાં જ ચાર્જશીટ રજુ કર્યું હતું. જયારે ૩૩ દિવસમાં સમગ્ર કેસનું ટ્રાયલ પુર્ણ કરી સ્પેશીયલ કોર્ટે આરોપીને દોષિત જાહેર કરી દીધો હતો અને આજે ૪૪માં દિવસે ચુકાદો આપ્યો હતો. રાજકોટ ડિસ્ટ્રીકટ કોર્ટના ઈતિહાસમાં આટલો ઝડપી ચુકાદો પ્રથમ વખત આવ્યો છે.'આ કેસની વિગતમાં જસદણના કાનપર ગામે વાડીમાં દાહોદ પંથકનો શ્રમિક પરિવાર ખેતર ભાગીયે રાખી ખેત મજૂરી કરે છે. ગત તા.૦૪-૧૨-૨૦૨૫ ના રોજ શ્રમિક પરિવાર વાડીમાં કામ કરી રહ્યો હતો. ત્યારે પરિવારની છ વર્ષ આઠ માસની બાળકી વાડીમાં જ રમી રહી હતી. ત્યારે અજાણ્યા શખ્સે ધસી આવી બાળકીનું મોઢું દબાવી હેવાને અમાનુષી અને ક્રૂરતાપૂર્વક દુષ્કર્મ ગુજાર્યો હતો. હેવાને હવસનો શિકાર બનાવ્યા બાદ ગુપ્તાંગમાં સળિયા જેવું ધારદાર હથિયાર ઘુસાવી દેતા બાળકી લોહીલુહાણ થઈ ગઈ હતી.બાદમાં નરાધમ બાળકીને ત્યાં જ મૂકી નાસી ગયો હતો. પરિવારે બાળકીની શોધખોળ શરૂ કરતા તેણી ત્યાં નજીકમાંથી જ લોહીલુહાણ હાલતમાં મળી આવતા બાળકીને સારવાર અર્થે તાત્કાલિક રાજકોટની જનાના હોસ્પિટલ ખાતે ખસેડી હતી. આટકોટ પોલીસે બાળકીના પિતાની ફરિયાદ પરથી પોક્સો અને દુષ્કર્મની કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. બાળકી ઉપર અમાનુષી અત્યાચાર ગુજારનાર મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ જસદણના કાનપર ગામની સીમમાં રહેતા રામસિંગ તેરસીંગ ડવેજરની ધરપકડ કરી હતી. પોલીસની પૂછપરછમાં નરાધમે કબૂલાત આપી હતી કે, પોતે પીડિત બાળકીનો પરિવાર જે વાડીમાં મજૂરી કરે છે તેની બાજુની વાડીમાં જ પોતે પણ મજૂરી કરે છે.અહીંથી નીકળતા માસુમ બાળકી ખેતરમાં જ રમતી હતી. જેથી નરાધમની દાનત બગડી હતી. બાળકીને ઉઠાવી નજીકમાં જ પાણીની ટાંકી પાસે લઇ ગયો હતો અને દુષ્કર્મ ગુજારવાની કોશિશ કરી હતી. તેમાં નિષ્ફળ જતાં ઉશ્કેરાયેલા શખ્સે બાજુમાં જ પડેલ લોખંડનો એક ફૂટનો સળીયો બાળકીના ગુપ્તાંગમાં ઘુસાવી લોહીલુહાણ કરી ત્યાં જ બાળકીને મૂકી નાશી ગયો હતો. બાદ તપાસનીશ દ્વારા અદાલતમાં ચાર્જસીટ રજૂ કરવામાં આવી હતી. બાળકીના પિતાએ અદાલતમાં વિસ્તૃત પત્ર લખી બાળકીની આ હાલત કરનાર આરોપી સામે તાત્કાલીક કેસ ચલાવી સખ્ત સજાની માંગ કરી હતી. બનાવની ગંભીરતા ધ્યાનમાં લઈને કોર્ટે કેસ રોજબરોજ ચલાવવાનો હુકમ કરી ૬ દિવસમાં પુરાવો નોંધવાનુ કાર્ય પૂર્ણ કર્યું હતું.

બાદ કેસની સુનાવણી ચાલવા પર આવતા બંને પક્ષની રજૂઆત બાદ સરકાર પક્ષ દ્વારા સરકારી વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો, પુરાવાઓ અને ટાંકેલા વિવિધ ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઇ સ્પે. કોર્ટના જજ વી. એ. રાણાએ ૭ વર્ષની બાળકી ઉપર બનેલ દુષ્કર્મના કેસમા ૩૪ મા દિવસે આરોપી રેમસીગ તેરસીગને તકસીરવાન ઠેરવ્યો હતો. જયારે સજાના હુકમ માટે મુદત પડી હતી. આજે ઉઘડતી કોર્ટે રાણાએ ૭ વર્ષની બાળકી ઉપર બનેલ દુષ્કર્મના કેસમા આરોપી રેમસીગ તેરસીગને ફાંસીની સજા અને ભોગ બનનાર બાળકીને રૂ.૭ લાખનું વળતર વિકટીમ કમ્પેન્સેશન એક્ટ અન્વયે આપવા હુકમ ફરમાવ્યો છે.આ કેસમાં જિલ્લા સરકારી વકિલ સંજયભાઈ કે. વોરા અને મદદગારીમાં એ.પી.પી. પ્રશાંતભાઈ પટેલ રોકાયા હતા.

કાનપર ગામે માસુમ બાળકી ઉપર અમાનુષી કૃત્ય કરનાર સામે પોલીસે પોકસો એક્ટ અને દુષ્કર્મનો ગુનો દાખલ કરી આરોપીની ધરપકડ કરી હતી. પોલીસ આરોપીને લઈને બનાવ સ્થળે પહોંચી હતી. જયાં રીકસ્ટ્રક્શન દરમિયાન આરોપીએ પોલીસ કર્મીઓ ઉપર ધારીયા વડે હુમલો કર્યો હતો. જેના જવાબમાં પોલીસે નરાધમના બંને પગમાં ગોળી ધરબી દીધી હતી. આરોપીને તત્કાલ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો અને પોલીસ ઉપર હુમલો કરવા બદલ હત્યા પ્રયાસનો અલગથી ગુનો નોંધાયો હતો.

# રાજકોટ સહિત ત્રણ જિલ્લામાં જેટકો જી.ઇ.બી.ના રીએક્ટર ચોરી કરતી ટોળકીને પોલીસે ઝડપી લીધી

## ટોળકીના પાંચ સભ્યોની ધરપકડ કરી રૂ.૩.૧૪ લાખનો મુદામાલ કબજે: ચારની શોધખોળ

રાજકોટ,
રાજકોટ,જુનાગઢ તથા અમરેલી જીલ્લામા છેલ્લા ઘણા સમયથી જેટકો જી.ઇ.બી.૬૬ કે.વી. સબ સ્ટેશનમા રીએક્ટર ચોરીના બનાવમાં સંડોવાયેલી ટોળકીને રાજકોટ ગ્રામ્ય એલસીબીની ટીમે ઝડપી લઇ ટોળકીના પાંચ સભ્યોની ધરપકડ કરી રૂ.૩.૧૪ લાખનો મુદામાલ કબજે કર્યો હતો. ટોળકીના અન્ય ચાર સભ્યોની શોધખોળ શરુ કરી છે.

રાજકોટ જીલ્લામાં પાટણવાવ ૬૬ કે.વી.પાટણવાવ સબ સ્ટેશનમા રાત્રીના તસ્કરો ત્રાટક્યા હતા અને રૂ.૧.૧૭ લાખના રીએક્ટર ચોરી જતા આ મામલે જુનીયર ઇજનેર તરીકે ફરજ બજાવતા ગૌરાંગભાઇ કેશવજીભાઇ વાઢીયાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.




રાજકોટ જીલ્લામાં પીજીવીસીએલના વાયર અને રીએક્ટર ચોરી કરતી ટોળકી સક્રિય થતા એલસીબી અને સ્થાનિક પોલીસે તપાસ શરૂ કરી હતી. જેમાં એલસીબીને મળેલી બાતમીને આધારે કાટીયો ઉર્ફ કટી ઉર્ફ અશોક નરશીભાઇ વિરમગામીયા (ઉ.વ. ૩૫ રહે. મોરબી વીસીપરા તા.જી.મોરબી મુળ રહે. ગામ કંકાવટી તા ધાંગંધ્રા જી. સુરેન્દ્રનગર),આકાશ સુરેશભાઇ વિકાણી ( ઉ.વ. ૨૪ રહે. રાજકોટ માધાપર ચોકડી દ્વારકાધીશ પેટ્રોલપંપ પાછળ મુળ રહે. મોરબી લીલાપર રોડ તા.જી.મોરબી),ઘનશ્યામ રાજુભાઇ હળવદીયા (ઉ.વ. ૨૬ રહે. મોરબી લીલાપર રોડ સાત હનુમાન મંદીર પાસે તા.જી.મોરબી મુળ રહે. વઢવાણ કુષ્ણનગર પાણીની ટાંકી પાસે જી સુરેન્દ્રનગર),શંભુભાઇ કરશનભાઇ ખાવડીયા (ઉ.વ. ૩૮ રહે. ધાંગ્રધ્રા વાદીપરા ત્રણ માળીયા પાછળ રાજપર રોડ તા. ધાંગ્રધ્રા જી સુરેન્દ્રનગર), વિજયભાઇ ઉર્ફ કાળીયો વિનોદભાઇ સોલંકી (ઉ.વ. ૨૮ રહે. મોરબી વીસીપરા મેઇનરોડ હનુમાનજીના મંદીર સામે તા.જી.મોરબી) અને કાયદા ના સંઘર્ષમા આવેલ સગીરની ધરપકડ કરી હતી. પુછપરછમાં મોરબીના દીપક કેશુભાઇ ડેરવાણીયા, કરણ ઓઘાભાઇ ભુતીયા સાથે રાજકોટના શાયર દલસુખભાઇ મકવાણા તેમજ અમદાવાદના અરુણ વજુભાઇ વિરમગામીયાનું નામ ખુલ્યું હતું. આ ટોળકી પાસેથી ઈકો કાર નંબર જીજે૧૩ એઆર ૯૬૮૮ સહીત રૂ.૩.૧૪ લાખનો મુદ્દમાલ કબજે કર્યો હતો. આ ટોળકી જેટકો જી.ઇ.બી. સબ સ્ટેશનમાં પાવર બેંકના પડેલ રીએક્ટરના આઇસોલેટેડ કેબલ કટર દ્વારા કાપી જમ્પર ખોલી રીએક્ટરની ચોરી કરવાની એમઓ ધરાવે છે.

આ ટોળકીએ રાજકોટ,જુનાગઢ તથા અમરેલી જીલ્લામા ચાર ચોરી કબુલી હતી.

આ કામગીરી જીલ્લા પોલસ વડા વિજયસિંહ ગુર્જરની સુચનાથી એલ.સી.બી.ના પી.આઈ વી.વી.ઓડેદરા, પીએસઆઇ એચ.સી.ગોહીલ, આર.વી. ભીમાણી, એ.એસ.આઇ બાલકૃષ્ણભાઇ ત્રીવેદી, શક્તિસિંહ જાડેજા, અનીલભાઇ ગુજરાતી, ઇન્દ્રવિજયસિંહ જાડેજા, જયવિરસિંહ રાણા, રવિભાઇ બારડ, બ્રિજરાજસિંહ જાડેજા, રોહીતભાઇ બકોત્રા, તથા પો.હેડકોન્સ અરવિંદસિંહ જાડેજા, ઘનશ્યામસિંહ જાડેજા, રસીકભાઇ જમોડ, કૌશીકભાઇ જોષી, હરેશભાઇ પરમાર, ભગીરથસીંહ જાડેજા મનોજભાઇ બાયલ, નીલેશભાઇ ડાંગર તથા પો.કોન્સ મહીપાલસિંહ જાડેજા, પ્રકાશભાઇ પરમાર,ભાવેશભાઇ મકવાણા, મીરલભાઇ ચંદ્રવાડીયા, વિજયભાઇ સીંહાર તથા ડ્રા. પો.કોન્સ.અબ્દુલભાઇ શેખે કરી હતી.

# રાજકોટ મનપા દબાણ હટાવ શાખાએ રાજમાર્ગો પરથી ૪૪૩૦ બોર્ડ-બેનર જપ્ત કર્યા

## મંજૂરી વગર મંડપ, છાજલી નાખનાર ૨૧ ધંધાર્થીઓ પાસેથી રૂા.૨.૫૧ લાખનો વહિવટી ચાર્જ વસુલ




રાજકોટ,
રાજકોટ મહાપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા તારીખ. ૦૧/૦૧/૨૦૨૬થી ૧૫/૦૧/૨૦૨૬ દરમ્યાન રાજકોટ શહેરમાં જુદી જુદી જગ્યાએ જાહેર માર્ગો પર દબાણ રૂપ એવા રેકડી-કેબીન, અન્ય ચીજવસ્તુઓ, શાકભાજી-ફળો જપ્ત તેમજ પશુઓને આપવામાં આવતું લીલું, બોર્ડ-બેનરો વગેરે જપ્ત કરવાની કામગીરી કરવામાં આવેલ છે. જ્યુબેલી મવડી બ્રિજનીચે રેલ્વે લાઈન,આનંદ બંગલા ચોક,રામનાથ પરા,કરણપાર્ક,રૈયા રોડ,નંદનવન પાર્ક,રવિવારી આજીડેમ,કોઠારીયા રોડ,મોરબી રોડ સેટેલાઈટ ચોક પાસેથી રસ્તા પર નડતરરૂપ ૨૧ રેકડી/કેબીન જપ્ત કરવામાં આવી હતી. જ્યુબેલી,જામનગર રોડ,હેમુગઢવી હોલ,જંકશન રોડ,ગાયત્રીનગર મે.રોડ, ઢેબર રોડ,જંકશન રોડ,કૃષ્ણનગર મે.રોડ, રૈયા રોડ,૧૫૦ ફુટ રોડ,કાલાવાડ રોડ,નાણાવટી ચોક,ભીમનગર રોડ, યુનિ.રોડ, કોઠારીયા રોડ, ધરાર માર્કેટ, મોરબી રોડ સેટેલાઈટ ચોક પરથી જુદીજુદી અન્ય ૫૩૬ પરચુરણ ચીજ વસ્તુઓ જપ્ત કરવામાં આવી હતી.જામનગર રોડ,લક્ષ્મિનગર, જ્યુબેલી, યુનિ.રોડ, કોટેચા ચોક થી આકાશવાણી ચોક સુધી,ધરાર માર્કેટ, કેસરી પુલ, પારેવડી ચોક, કોઠારીયા રોડ, મોરબી રોડ સેટેલાઈટ ચોક પાસેથી ૪૪૬૨ કિલો શાકભાજી/ફળ જપ્ત કરવામાં આવેલ.કોઠારીયા રોડ, સંતકબીર રોડ,પેડક રોડ,ભાવનગર રોડ,પુષ્કરધામ મેઈન રોડ,,યુનિ.રોડ,નાણાવટી ચોક,રૈયા રોડ, મવડી વિસ્તાર, સ્વામીનારાયણ ચોક,ઢેબર રોડ,સોરઠીયાવાડી પાસેથી રૂ.૨,૫૧,૫૦૦ મંડપ કમાન છાજલી ભાડુ વસુલ કરવામાં આવેલ છે.૮૦ફુટ રોડ,પારેવડી ચોક,સંતકબીર રોડ,ધરાર માર્કેટ,કોઠારીયા રોડ,મોરબી રોડ,ભાવનગર રોડ,કુવાડવા રોડ૮૦ફુટ રોડ,અર્ટિકા ફાટક,જામનગર રોડ,ટાગોર રોડ,આનંદબંગલા ચોક,મવડી મેઈન રોડ,આહિર ચોક પરથી રૂ.૭૨,૩૦૦/- વહિવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

જામનગર રોડ,જલારામ ચોક,જંકશન પ્લોટ,રેસકોર્ષ રોડ,યુનિ.રોડ,૧૫૦ ફુટ રોડ,નાણાવટી ચોક,સાધુવાસવાણી રોડ, પટેલ ક્ન્યા છાત્રાલય,કોઠારીયા રોડ,સેટેલાઈટ ચોક પરથી ૪૪૩૦ બોર્ડ-બેનર જપ્ત કર્યા હતાં.

# રાજકોટ-ચોટીલા હાઇવે ઉપરથી દારૂ-બિયર ભરેલો ટ્રક ઝડપાયો

## કુવાડવા ગામ પાસે ક્રાઈમ બ્રાંચની ટીમે ટ્રકને આંતરી રૂ.૫૩ લાખનો દારૂ ભરેલ ટ્રક કબ્જે લીધો

રાજકોટ,
રાજકોટ નજીક કુવાડવા ગામ પાસ થી ક્રાઈમ બ્રાંચની ટીમે રૂ.૫૩ લાખનો દારૂ ભરેલ ટ્રક ઝડપી લીધો હતો. આ દારૂનો જથ્થો દમણથી મંગાવવા માં આવ્યો હોવાનું ખુલ્યું હતું. ક્રાઈમ બ્રાંચની ટીમે રૂ.૬૩.૮૩ લાખનો મુદ્દામાલ કબજે કરી ચાલકની ધરપકડ કરી સપ્લાયર સહીત ત્રણના નામ ખોલ્યા હતા. ટ્રકમાં ખોટી નંબર પ્લેટ લગાવી હોવાનું તપાસમાં ખુલ્યું હતું.

પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા,અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગરીયા,ડીસીપી (ક્રાઇમ) જગદીશ બાંગરવા,એસીપી (ક્રાઇમ) ભરત બી.બસીયા દ્વારા બુટલેગર ઉપર વોચ ગોઠવી કાર્યવાહી કરવા સુચના આપી હોય ક્રાઈમ બ્રાંચના પીએસઆઈ વી.ડી.ડોડીયાની ટીમના દિલીપભાઇ બોરીયા,રાજેશભાઇ જળુ અને વિશાલભાઇ દવેને મળેલ ચોક્કસ હકીકત આધારે રાજકોટ-અમદાવાદ હાઈવે કુવાડવા ગામ પાસે આવેલ ગુજરાત ગેસના પંપ નજીક રોડ ઉપરથી આઈસર ટ્રક રજી.નં. જીજે-૨૩-એડબ્લ્યુ ૫૨૧૯ ને અટકાવી તલાશી લેતા આ નંબર પ્લેટ નકલી હોવાનું અને ટ્રકના સાચા રજી.નં. ડીડી૦૧૦ ૯૧૪૩ ના હોય જે આઈસર ટ્રકમાંથી ૫૩ લાખનો દમણથી રાજકોટ ઘુસાડેલ ૧૩૪૯૯ બોટલ દારૂ-બીયરનો જથ્થો મળી આવ્યો હતો.દારૂ બલીયાના સરવા ગુવાનના બ્રજેશકુમાર રામાશ્રય વર્માની ધરપકડ કરી તપાસ કરતા વલસાડ સંજય પટેલ, કૌશીક પટેલ અને હાર્દિક પટેલનું નામ ખુલ્યું હતું.

આ કામગીરી રાજકોટ ક્રાઇમ બ્રાન્ચ પી.આઈ એમ.આર. ગોંડલીયા, એમ.એલ. ડામોર, સી.એચ. જાદવ, પીએસઆઈ વી.ડી. ડોડીયા તથા એ.એસ.આઈ. અમીતભાઇ અગ્રાવત, દિગ્પાલસિંહ જાડેજા તથા પોલીસ હેડ કોન્સ્ટેબલ દિપકભાઇ ચૌહાણ, દિલીપભાઇ બોરીચા, રાજેશભાઇ જળુ, પ્રદિપસિંહ જાડેજા, જયરાજભાઇ કોટીલા, સંજયભાઇ રૂપાપરા, અનુજભાઇ ડાંગર તથા પોલીસ કોન્સ્ટેબલ વિશાલભાઇ દવેએ કરી હતી.

# રાજકોટમાં રીક્ષા ગેંગ ફરી ઝળકી: ઉલ્ટી- ઉબકાના બહાને છાત્રના રૂપિયા ૩૪ હજાર સેરવી લીધા

રાજકોટ,
રાજકોટના આજીડેમ ચોકડી પાસે રિક્ષામાં બેઠેલી મહિલા સહિત ૪ શખ્સો એ ઉલ્ટી-ઉબકાનુ બહાનુ કરી રિક્ષામાં બેઠેલા છાત્રના ખીસ્સામાંથી રૂા.૩૪ હજારની રોકડ સેરવી લેતા છાત્રાએ આજી ડેમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

ચોટીલાના આંકડીયા ગામનો વતની અને હાલ માંડાડુંગર પાસે માધવ વાટીકા શેરી નં.૩માં રહેતો પ્રભાત વનરાજભાઇ જંજવાડીયા (ઉ.વ.૨૦)એ આજીડેમ પોલીસમથકમાં રિક્ષાચાલક તેમજ એક મહિલા સહિત ૪ શખ્સો સામે ફરિયાદ નોધાવી છે. યુવાને ફરિયાદમાં જણાવ્યુ છે કે, તે જસાણી કોલેજ રાજકોટ ખાતે સેમેસ્ટ ૨-૧ માં અભ્યાસ કરે છે. તા-૧૬ ના સવારે અગીયારેક વાગ્યા ના અરસામાં બાબરાથી રાજકોટ આવવા નીકળ્યો હતો અને તેણે બાબરા ખાતે ઉત્તરાયણના તહેવાર ઉપર પતંગ-દોરાનો સ્ટોલ કર્યો હતો જેના વકરાના રોકડા રૂ. ૩૪૮૦૦/- પેન્ટના ડાબી બાજુના આગળના ખીસ્સામા પ્લાસ્ટીકના ઝબલામાં રાખ્યા હતા અને ફરિયાદી બપોરે આજીડેમ ચોકડી ખાતે ઉતર્યો હતો અને ત્યાંથી તે એક સી.એન.જી.રીક્ષામાં બેસી અને વેલનાથપરામાં ખોખડદડ નદીના કાંઠે રહેતા મોટાબાપુના દિકરા ધર્મેશભાઈ મનસુખભાઇને ત્યાી જવા માટે નીકળ્યોઅ હતો. આ રીક્ષામાં પાછળની સીટમાં એક બહેન તથા એક ભાઈ બેઠા હતા તે બન્ને પાછળ બેઠા હતા. ત્યારે આજીડેમ ચોકડીથી હુંડકો ચોકડી તરફ સર્વિસ રોડ ઉપર પહોચતા રીક્ષામા વચ્ચે બેઠેલી મહિલાએ ''ઉલ્ટી-ઉબકા થાય છે'' તેમ કહી ફરિયાદીને વચ્ચે બેસવાનુ કહેતા યુવાન ચાલુ રીક્ષામાં વચ્ચે બેસી ગયો અને તે વખતે આ રિક્ષા ચાલકે તેની રીક્ષા ઉભી રાખી અને મને કહયુ કે ભાઈ તમે નીચે ઉતરી જાવ મારે બીજી જગ્યાએ ઈમરજન્સી જવાનું છે અને હું એ બાજુ નથી જતો તેમ કહેતા ફરિયાદીને રિક્ષામાંથી ઉતારી મુકયો હતો.

બાદ યુવાને પેન્ટના ડાબી બાજુના આગળના ખીસ્સામાં જોતા પ્લાસ્ટીકના ઝબલામાં રાખેલા રોકડા રૂ.૩૪,૮૦૦/- જોવામાં ન આવતા રિક્ષા ચાલક તથા તેની સાથેના અજાણ્યા બહેન તથા અજાણ્યા ભાઈએ સાથે મળીને રોકડા રૂ.૩૪,૮૦૦/- ચોરી લીધા હોવાની ખબર પડતા તેણે આજીડેમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે

# રાજકોટના વિજયનગરમાં આધેડને બે શખ્સોએ ફડાકા ઝીંકી ધમકી આપતા ફિનાઈલ પીધું

### આપઘાતનો પ્રયાસ કરનાર શાકભાજીના ધંધાર્થીને સારવારમાં ખસેડાયા



રાજકોટ,
રાજકોટ શહેરમાં થોરાળા વિસ્તારમાં આવેલા વિજયનગરમાં રહેતા આધેડે જુના માર્કેટ યાર્ડમાં આવેલી ભાયુ ભાગની દુકાન રૂા.૧.૦૫ કરોડમાં વેચી મારી હતી. જે દુકાનના બાકી રહેતાં રૂા.૧૧ લાખની ઉઘરાણી કરવા ગયેલા આધેડને બે શખ્સોએ ફડાકા ઝીંકી ધમકી આપી હોવાના આક્ષેપ સાથે આધેડે ફિનાઈલ પી લીધું હતું. આધેડની તબિયત લથડતાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતાં.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ, રાજકોટના થોરાળા વિસ્તારમાં આવેલા વિજયનગરમાં રહેતાં અને શાકભાજીનો ધંધો કરતાં ચંદુભાઈ પ્રકાશભાઈ સોલંકી નામના ૫૫ વર્ષના આધેડ સાંજના પાંચેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતાં ત્યારે ફિનાઈલ પી લીધું હતું. આપઘાતનો પ્રયાસ કરનાર આધેડને તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતાં.

પ્રાથમિક પુછપરછમાં પ્રકાશભાઈ સોલંકી ત્રણ ભાઈ એક બહેનમાં વચેટ છે અને તેમને સંતાનમાં બે પુત્ર છે. પ્રકાશભાઈ સોલંકી શાકભાજીનો ધંધો કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. પ્રકાશભાઈ સોલંકીએ ભાયુ ભાગની જુના માર્કેટ યાર્ડમાં આવેલી દુકાન રોહિત પરમારને રૂા.૧.૦૫ કરોડમાં વેચી હતી. જે વેચાણથી આપેલી દુકાનના બાકી રહેલા રૂા.૧૧ લાખની ઉઘરાણી કરવા ગયા હતાં ત્યારે રોહિત પરમાર અને દેવીપૂજક સમાજના પ્રમુખ કડવાભાઈએ ફડાકા મારી ધમકી આપી હતી. જેનાથી કંટાળી પ્રકાશભાઈ સોલંકીએ આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. આક્ષેપના પગલે થોરાળા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટના મામલે હાલ પોલીસે ચંદુભાઈ સોલંકીને નિવેદન લઈ હકીકત જાણવા તપાસ શરૂ કરી છે.

# જાફરાબાદના બાબરકોટમાં પૈસાની લેતી દેતી મુદ્દે બે પક્ષ વચ્ચે મારામારી

અમરેલી:
જાફરાબાદના બાબરકોટમાં પૈસાની લેતી દેતી મુદ્દે બે પક્ષ વચ્ચે મારામારી થઈ હતી. જેના કારણે બંને પક્ષે સામસામે ૧૩ લોકો સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

જાફરાબાદના બાબરકોટમાં રહેતા કમુબેન કનુ મકવાણા (ઉ.વ.૪૦)એ કિશોર હરિભાઈ સાંખટ, દિપક પુનાભાઈ મકવાણા, સંતોષ બાબુભાઈ સાંખટ અને બાબુ પુનાભાઈ સાંખટ સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ૧૪ જાન્યુઆરીના રોજ ચારેય શખ્સોએ તેના ઘરે પ્રવેશ પતંગ ચગાવવા આવ્યા હતા.તેને પતંગ ચગાવવાની ના પાડતા કિશોર અને દિપક ઉશ્કેરાયા હતા અને અપશબ્દો બોલી ઘરેથી નિકળી ગયા હતા.